જુલાઈ ૨૦૧૬ ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ રૂા. ૫/૦૦

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

















ભુજ મંદિર સંચાલિત શ્રી ઘનશ્યામ બાલ મંડળના બાળકો માટે નિવાસી ત્રીદિવસીય
શ્રી ઘનશ્યામ દશાબ્દી બાલમંચનું દિવ્ય આયોજનની તસ્વીરો-ભુજ



શ્રી સ્વામિનારાયણ મંદિર દશાબ્દી એવંમ્ શ્રી સહજાનંદ સ્વામી ૧૨૫ સપાદ્ શતાબ્દી
મહોત્સવ ધામધૂમથી ઉજવાયો. સુખપર

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક


# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

## અનુક્રમણિકા


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૨૨ કુલ અંક-૨૧૨

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૧૬ અંક-૫ જુલાઈ-૨૦૧૬
સળંગ અંક-૩૬૫

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છવાપી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરૂષોત્તમપ્રિયદાસજી



**:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : ૦૨૮૩૨-૨૫૦૪૩૧ ફેક્સ : ૦૨૮૩૨-૨૫૦૧૩૧
E-mail : sandesh@bhujmandir.org
E-mail : info@bhujmandir.org
Website : www.bhujmandir.org


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### દેશમાં

આજીવન સભ્ય રૂા. ૫૦૧/-

વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

### વિદેશમાં

આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-

વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**

# તંત્રીની કલમે

જ્યારે મનુષ્યને સફળતા પ્રાપ્ત થાય ત્યારે પ્રસન્નતાનો ભાવ અનુભવે તે સ્વાભાવિક છે, તેમાંય જ જ્યારે ખંત અને નિષ્ઠાપૂર્વક કાર્યસિધ્ધિ માટે પરિશ્રમપૂર્વક પુરુષાર્થ કરે અને ધારેલી સફળતાની પ્રાપ્તિ થાય ત્યારે આત્મ વિશ્વાસની વૃધ્ધિ સાથે હર્ષ અનુભવાય છે. આ હર્ષની પ્રાપ્તિમાં પ્રભુની કૃપા સમાયેલી છે એ વાત ક્યારેય પણ વિસરાય નહીં એ બાબતની જાગૃતિ આવશ્યક છે. સાફલ્યનો સંબંધ વિશ્વના પરિવર્તનશીલ બાહ્ય વ્યવહારો અને ભૌતિકતા સાથે છે જ્યારે હર્ષની અનુભૂતિનો સંબંધ અંતર્જગતના વિચારો અને અંતર્મન સાથે છે. સફળતાના માર્ગ પર અનેક સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હશે પરંતુ આવેલી તમામ સમસ્યાઓનું સ્થાયી સમાધાન તો અંતર મનની સૂઝથી થતું હોય છે. ચૈતન્ય મનમાં સૂઝસભર વિચારોનું પ્રદાન અને પ્રેરણા ક્યાંથી પ્રાપ્ત થાય છે ? એ બાબત ક્યારેય વિચાર્યું છે ખરું ? ઈશ્વરની અનુકંપાનું જ આ પરિણામ છે. માટે સફળતાનો આનંદ જરૂર માણો પરંતુ કેવળ ને કેવળ મારી મહેનતને કારણે જ સફળતા મળી છે એવું વિચારવું યોગ્ય નથી.

આપણે દરરોજ મંદિર અવશ્ય જતા હશું. માથું નમાવી, આંખો બંધ કરી ઈશ્વરનું ધ્યાન ધરવાનો પ્રયત્ન પણ કરતા હશો. પરંતુ ઈશ્વરને સમર્પિત થવાની ભાવના ક્યારેય વ્યક્ત કરી છે ખરી ? ઈશ્વરને કરાતી પ્રાર્થનામાં પૂર્ણ નિષ્ઠા સાથે સંપૂર્ણ સમર્પિત થઈને કશુંક અર્પણ કરવાને બદલે મોટા ભાગે પોતાની દુન્યવી આવશ્યકતાઓની પૂર્તિ અર્થે કશુંક લઈ લેવાની વૃત્તિ વધુ હોય છે. તે માટે લોકો માનતાઓ પણ માને છે. બીજા અર્થમાં જોઈએ તો ઈશ્વર પ્રત્યેનો અસંતોષ આ રીતે વ્યક્ત કરે છે. ગીતામાં કહેલા વચન ક્યારેય ન ભૂલવા જોઈએ કે જે કંઈ થાય છે તે ઈશ્વરની ઈચ્છાથી અને સારા માટે જ થાય છે. આ વાત જેટલી જલ્દી સ્વીકારી લેશું અસંતોષ તેટલી ઝડપથી જ દૂર થઈ જશે. તે માટે ઈશ્વર પ્રત્યે પૂર્ણ શ્રધ્ધા અને નિષ્ઠા હોવા અનિવાર્ય છે.

દરરોજ થોડો સમય કાઢીને ધર્મશાસ્ત્રો વાંચી તેમને જાણવા, માણવા અને અનુભવવા જોઈએ. પરંતુ સમયના અભાવની વાત રજૂ કરનારાઓની સંખ્યા સવિશેષ જોવા મળે છે. અરે ભક્તો ! પોતાનું જીવન સાર્થક બનાવવા તો સમય કાઢો. એકવાત યાદ રાખો કે સમય ક્યારેય અટકતો નથી, પ્રત્યેક ક્ષણનું જીવન એ પ્રભુની આપણા પર મોટી કૃપા છે. જીવન, મૃત્યુ, કુદરત અને બ્રહ્માંડની સર્વે ગતિવિધિ માત્રને માત્ર ઈશ્વરના હાથમાં છે. મનુષ્યએ તો પોતાને મળેલા જીવન અને સમયની પ્રત્યેક ક્ષણનો સદુપયોગ કરવાનો છે. પ્રત્યેક ક્ષણને જીવવી જોઈએ અને સાચું સાર્થક જીવન પ્રભુભક્તિમાં છે. પ્રત્યેક ક્ષણે ઈશ્વર અને આપણી વચ્ચે રહેલું અંતર ઘટાડવા અને શ્રીજી મહારાજનું સામિપ્ય મેળવવા પ્રયત્ન કરવો એજ સમયનો સદુપયોગ છે. શ્રીજી મહારાજનું શરણ એજ જીવન ધ્યેય રાખો અને મન મજબૂત હોય તો ધ્યેય પ્રાપ્તિને સંજોગોની સીમા નડતી નથી.

ધર્મ પ્રત્યે વ્યક્તિની વૃત્તિ, વિચાર અને દષ્ટિકોણ પ્રભુપારાયણ થવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આપણી વૃત્તિ, વિચાર અને દષ્ટિકોણને સાચી સમજ સાથેની યોગ્ય દિશા સંત સમાગમથી મળે છે. બ્રહ્મનિષ્ઠ સંતો આપણા મનના મેલ ધોવાનું કાર્ય કરે છે. પાપના મેલ ધોવાતાં મન પવિત્ર બને છે. નિર્મલ-પવિત્ર મન, સંપૂર્ણ સમર્પણ અને શ્રધ્ધા સાથે સાતત્યપૂર્વક ભક્તિ એ જ પ્રભુની પૂજા છે. સંત સાંનિધ્ય પ્રભુ શરણનો માર્ગ સરળ બનાવી દે છે. ઈશ્વર સાથેના દાસત્વભાવ સાથેના પવિત્ર, નિર્મલ અને મધુર સંબંધો જ મનુષ્યને સફળતાની દિશામાં ગતિ આપે છે.

આપણા સંપ્રદાયમાં ઉત્સવોનું વિશેષ મહત્ત્વ છે. ઉત્સવો દ્વારા ઉત્સવપ્રિય હરિભક્તો હર્ષોલ્લાસ સાથે પ્રભુભક્તિનો આનંદ માણે છે. ખેડૂત જેમ ચાતક નજરે વરસાદની રાહ જોતો હોય છે. તેમ હરિભક્તો દર વર્ષે 'હિંડોળા'ની પ્રતિક્ષા કરતા હોય છે. હિંડોળા મહોત્સવ સમયે હરિભક્તોનાં હૈયામાં હર્ષની હેલી હિલોળા લેતી હોય છે. સંતો, સાં.યો. બહેનો, હરિભક્ત ભાઈ-બહેનો પ્રેમપૂર્વક કલા, કારીગરી, કસબ, કરતબ અને કરામતને કૌશલ્યપૂર્વક પ્રસ્તુત કરતી કૃત્તિઓ દ્વારા વિવિધ પ્રકારના નયનરમ્ય હિંડોળાનું સર્જન કરી ભક્તિભાવ પ્રદર્શિત કરી હરિવરને હિંડોળામાં અત્યંત સ્નેહથી ઝુલાવીને ધન્યતા અનુભવતા હોય છે. હિંડોળા મહોત્સવનો ભરપૂર આનંદ માણો અને ભક્તિમાં દ્રઢતા આણો એજ પ્રભુ પ્રાર્થના.

જયશ્રી સ્વામિનારાયણ !

સાંપ્રત સંદેશ

# માતા-પિતા થાયે જાગ્રત

લેખક :- શા. સ્વામી ભક્તવત્સલ દાસજી

વ્હાલા ભક્તો! જય શ્રી સ્વામિનારાયણ.....

પોતાના જીવનના કે બીજાના જીવનના પરિવર્તનનો મુખ્ય આધાર છે સાવધાની. જીવનમાં જેટલી સાવધાની વિશેષ તેટલી સફળતા મળતી હોય છે. ગામની ગલીઓમાં ફરનારો સરાણીયો છરી કે કાતરની ધાર કાઢતો હોય ત્યારે વચ્ચે વારે વારે તપાસતો રહે છે, ત્યારે છરી કે કાતરને યોગ્ય ધારથી સજી શકે છે. ત્યારે મિત્રો! એક સફળ માતા-પિતા તરીકે સ્વસંતાનના આદર્શજીવનના ઘડતર માટે આપણા જીવનમાં કેટલી સાવધાની જોઇએ ?

એક રૂપિયાના સિક્કાની જેમ માતા-પિતા અને બાળકનુ અભિન્નપણું છે.

સમાજમાં દાંપત્ય જીવન જીવતા સભ્યોમાં મોટે ભાગે એવું જ જોવા મળતું હોય છે, કે દરેકને સંતાન પ્રાપ્તિની ઈચ્છા હોય છે. પરંતુ સંતાન મેળવવાનું કારણ શું ? માત્ર માબાપનું ટાઇટલ મેળવવા માટે ? ભક્તો ! સંતાન પ્રાપ્તિથી માબાપ તો બની જાશો પરંતુ બાળકોના વાલી નહીં બની શકો. માબાપ બનવું અને વાલી બનવું આ બેમાં આકાશ પાતાળનો ફરક છે. માબાપની ફરજ માત્ર બળકને જન્મ આપવાની અને ખવડાવની પિવડાવીને મોટો કરવાની છે. જ્યારે એક વાલી તરીકેની ફરજ બાળકને કેળવવાની (સંસ્કારી બનાવવાની) અને ઘડવાની છે. જન્મેલાં બળકો મોટાં તો થાય જ છે, પણ તેમનામાં સંસ્કારોનું સિંચન કરનાર માબાપ વાલી બની શકે છે. સમાજમાં આવા વાલીની જરૂર છે.

સરકસમાં કેટલાક પ્રાણીઓને જુદી જુદી તાલીમ આપીને વિવિધ પ્રકારના પ્રયોગો કરાવીને માણસોને મનોરંજન પુરું પાડનાર મૂંગા પ્રાણીઓ ક્યારેક કહેતા હશે કે હે માનવી! તુ ભલે અમને વશ કરીને અમારી પાસે અદ્‌ભુત કાર્યો કરાવે છે પણ સાચી તાલીમની તો તને જરૂરિયાત છે, એમને નહીં. તું તાલીમ પામેલો નથી, કેળવાયેલો નથી, સંસ્કારી નથી, એટલે તો અમારી આ દશા છે.

પતિ પત્નીએ માત પિતા બની જવું એજ પુરતું નથી, પરંતુ બળકોમા સંસ્કારોનું સિંચન કરવું એના જીવનનું ઘડતર કરવું એ અતિ અગત્યની બાબત છે.

એક પ્રાચીન કહેવત છે કે, ‘‘એક ભણેલી માતા સો શિક્ષકોની ગરજ સારે છે’’ પરંતુ કેવળ ભણીને શિક્ષણ ક્ષેત્રે ઉચ્ચ ડીગ્રી પ્રાપ્ત કરી લેવાથી માતા આદર્શ બની શક્તી નથી. એટલે કહેવતમા સુધારો કરવાની જરૂર છે. ‘‘કેળવાયેલ માત-પિતા સો શિક્ષકોની ગરજ સારે છે ’’ જેમ રસ્તા ઉપર ગાડી લઈને નીકળીએ ત્યારે કેટલીક ચેતવણીઓ આવે છે. ખતરાની નિશાનીઓ આવે, અકસ્માત વિસ્તાર, ડાયવર્ઝન વગેરે. કોઇ ડ્રાઈવર આ આદેશોને ગણકાર્યા વિના ગાડી પુરપાટ હાંકે રાખે તો શું દશા થાય ? મૃત્યુ. જ્યારે અહીં તો જીવનના વિશાળ કાર્યક્ષેત્રમાં તાલીમ વગરના માબાપ કેટલા અકસ્માતની હારમાળ શર્જી શકે તેનો અંદાજ આપણે કાઢી શકીશું ?

જે બાળક આવતી કાલનો ઉગતો સૂરજ છે, જેના હાથમાં આખા દેશની ધૂરા સંભાળવાની જવાબદારી આવવાની છે, જે આવતી કાલનો નેતા છે, જે આવતી કાલનો કલેક્ટર છે, વડાપ્રધાન છે,મહાન સંત વિભૂતિ છે આવા ચુનંદા પાત્રો માટે તેમના સર્જનમાં, ઘડતરમાં ખામી રહી જાય તો કેટલી ભારે હોનારત સર્જાય તેની કલ્પના કરી શકો છો ? જેમ કોઇ મોટી ઈમારત હોય અને તેનો પાયો નબળો હોય, તો તે ઈમારત ભૂકંપ જેવા તોફાનો સામે ઝીંક ઝાલી શકે ખરી ? કાંઇક એવીજ પરિસ્થિતિ સંસ્કાર વિનાના દંપતિના હાથમાં બાળઘડતરની જવાબદારીરૂપી સુકાન સોંપવાથી થઈ શકે છે.

બાળકને જન્મ આપીને માતપિતા તરીકેનું મોટું સર્ટીફીકેટ મળી ગયું એમા ફૂલાવું નહિ. હવે બાળકોને મોટાં કરવાની બાબત આવી, બાળકો મોટાં તો થઈ જશે, પણ સુસંસ્કારી, ચારિત્ર્યવાન, સદાચારી, સંયમી અને જીવનનો સર્વાંગી વિકાસ પામેલ આદર્શ બાળક તૈયાર કરવાની કોની જવાબદારી ? માતપિતાની.

બાળકને ભણતર સાથે ગણતર અને સંસ્કારની જરૂર છે ત્યારે વાલી તરીકે બાળકો પ્રત્યે કેવી ફરજ નિભાવવી તે જાણીએ હવે.

બાળક સૌથી વધારે સમય ઘરમાં માતા-પિતાની સમિપમા વ્યતિત કરે છે, તેથી માતા-પિતાની પવિત્ર ફરજ છે કે બાળકને સાચા અર્થમાં કેળવણી આપવી. બાળકોમા સંસ્કારોનું સિંચન અને જતન કરવું. જેમ કે રૂપિયા, સોનું, ઘરેણા વગેરેનું કેટલું જતન કરીએ છીએ, તેથી પણ વિશેષ આ બાળકરૂપિ અમુલ્ય મૂડીને સાંચવવા જેવી છે. તો જ તેનાં મીઠાં ફળ માતાપિતાને, સત્સંગને, સમાજને યોગ્ય સમયે મળશે.

સૌ માતા-પિતાની ઈચ્છા હોય કે અમારો બળક શૂરવીર, હિંમતવાન, સદાચારી, સંસ્કારી બને, પણ તે ઈચ્છા પૂર્ણ કરવા માટે બાળકોને કેળવવા પડશે, સંસ્કાર આપવા પડશે.

બીજું કે બાળકોને અન્ય કાંઇ આપો એ પહેલાં તમારો નિઃસ્વાર્થ પ્રેમ એમને આપો. નાની સરખી ચોકલેટથી બળક ક્ષણિકવાર માટે રાજી થઇ જશે, પરંતુ નિઃસ્વાર્થ પ્રેમના મહા સાગરથી બાળકને ભીંજવી દેશો તો રાજી રાજી થઇ જશે. પરંતુ ઘરમા બળકો પ્રત્યે બોલાતા કેટલાક વાક્યો છે. ‘‘બેસ છાનો માનો, આવ્યો ત્યારથી જંપ જ નથી’’ ‘‘જા, ભણવા બેસી જા’’ ‘‘એક તો થાક્યા પાક્યા આવ્યા છીએ અને તારો કકળાટ શરૂ થયો.’’ વગેરે. આવા ધાક ધમકી ભર્યા વચનો બાળકના કૂમળા હૃદયમાં ખોટી અસર કરે છે. માટે બાળકને ધમકાવો નહિં. બાળકની આગળ તેના જેવા નિર્દોષ થઇને રહેવું જોઇએ. માટે એમને પ્રેમ આપો. તમે નહિ આપો તો બાળક અન્યત્રથી પ્રેમ શોધશે એ જરાય યોગ્ય નથી. માટે વ્હાલા ભક્તો ! બાળકોને તમારા નિઃસ્વાર્થ પ્રેમની ભૂખ છે, પણ કોઈ પદાર્થોની નહિ.

એકભાઇને વર્ષો પછી પણ પારણું ન બંધાણું. છેવટે તે શ્રીમંત દંપતિએ બાળકને દત્તક લેવાનો પ્રયત્ન કર્યો. એક શાંત-ગંભીર બાળકને પસંદ કર્યો. અને કહ્યું, બેટા! તું અમારી સાથે આવીશ ? જરૂર આવીશ. આજથી અમે જ તારા માતા-પિતા છીએ માટે તુ અમારે ઘેર ચાલ. ત્યારે બાળકે કહ્યું, તમે મને શું આપશો ?.... અરે અમે તને સારાં સારાં રમકડાં લાવી આપશું. બીજુ ? સારાં કપડાં લાવી આપશું, બીજુ ? સારી શાળામા ભણવા મોકલીશુ. બીજું ? તને પ્રવાસમા ફરવા લઇ જઇશું. પછી ? દંપતિએ કહ્યું કે તારે શું જોઇએ છે ? આમ વારે વારે બીજું બીજું કર્યા કરે છે ? ત્યારે બાળક બોલ્યો મારે તો તમારો પ્રેમ જોઇએ છે, તમે મને પ્રેમ આપશો ને ? બસ ભક્તો ! બાળકોને કેવળ ને કેવળ તમારો પ્રેમ જ જોઇએ છે. માટે બાળકને પ્રેમ આપવા માટે સમય કાઢો.

શાળાઓ, કોલેજો બાળકોની બુધ્ધિનો, તેના શિક્ષણનો તેની કલા કૌશલ્યનો વિકાસ કરી શકે છે, પરંતુ એના જીવનમાં સંસ્કારોનો ઉદય અને વિકાસ કરવાની જવાબદારી વાલી તરીકે એમના માબાપની છે. બાળકની પ્રગતિ અને ભવિષ્યનો આધાર તેના વાલી પર છે. બાળક બગડે એટલે આપણે વાંક કાઢીએ છીએ શિક્ષકનો, મિત્રોનો, ટીવીનો, મોબાઇલનો. શું આ સત્ય છે? ના... પહેલો વાંક તેના માબાપનો છે. સૌથી વધુ દુઃખની વાત તો એ છે કે માબાપ બાળકોના ઘડતર માટે સમય નથી ફાળવી શક્તા. પૈસાની લત લાગતાં તે સંતાનોને પણ ગૌણ કરી દે છે. સવારથી સાંજ સુધી પૈસા માટે આમથી તેમ દોડ્યા જ કરે છે. બાળક ક્યા ધોરણમાં ભણે છે ? શું કરે છે ? તેને શાની જરૂર છે ? અરે તેના સુખ દુઃખની વાતો પુછવાનો પણ સમય આજના માબાપને હોતો નથી. એવા બેજવાબદાર માબાપે પોતાને એક જ પ્રશ્ન પૂછવો જરૂરી છે કે, પૈસા કમાઇએ છીએ, સંપત્તિ ભેગી કરીએ છીએ, બંગલા બનાવીએ છીએ આ બધું કોના માટે ? જવાબ એક જ હશે કે બાળકો માટે. પરંતુ આપના ભેગા કરેલા પૈસા, સંપત્તિ, બંગલા બાળકો ક્યારે સાંચવશે ? જો આપણે એમનુ જતન કર્યું હશે ત્યારે.

બાળકોને સંસ્કારરૂપી સંપત્તિ નહિ આપો તો તે તમારી ભેગી કરેલી ભૌતિક સંપત્તિનો નાશ કરતા વાર નહિ લગાડે. માટે ભૌતિક સંપત્તિ ઓછી ભેગી થશે તો ચાલશે, પરંતુ બાળકોમાં સંસ્કાર નહિં હોય તો મોટું નુકશાન થશે. સંસ્કાર હીન બાળકો માતા-પિતાની સેવાને બદલે માન મર્યાદા અને પૂજ્યભાવનો ત્યાગ કરીને દુઃખ આપનારા થશે. એટલા માટે પ્રથમ તો બાળકોના સંસ્કાર સિંચન માટે સમય કાઢવો એ માતા-પિતાની પવિત્ર ફરજ છે. એના માટે માતા-પિતાનું જીવન સંસ્કારોથી મઘમઘતું હોવું જોઇએ, તો જ બાળકોમાં સંસ્કારોની સુવાસ ફેલાવી શકશે. એક કહેવત છે ને કે, ‘‘કૂવામાં હોય તો અવાડામાં આવે, જેટલું અને જેવુ હોય તેવું અને તેટલું જ આવે’’ એટલા માતાપિતામાં જેવા અને જેટલા સંસ્કાર હોય તેટલા અને તેવા જ સંસ્કાર બાળકોને આપી શકે છે.

પરંતુ આજે માતાપિતા પોતાની ફરજ ભૂલી જઇને ઘરમાં બેહૂદું વર્તન કરે તેની અસર બાળકોના નિર્મળ, નિર્દોષ માનસ પટ ઉપર પડે છે.

બાળકો જે કાંઇ શીખે છે તે ઘરમાંથી શીખે છે. જો માતાપિતા ઘરમાં ઝઘડતાં હોય, મારા મારી ને ગાળા ગાળી કરતાં હોય તો આવાં દશ્યો બાળકના કૂમળા માનસ પર કાયમી વિપરીત અસર પાડે છે.

એક ભાઇએ ઘરમાં કામ કરવા નોકરને રાખેલો. નોકરનો સ્વભાવ સહેજ ભૂલકણો તેથી બતાવેલું કામ ભૂલી જાય. જ્યારે કામ ભૂલી જાય ત્યારે આ ભાઇ કહે, '' અરે ઉલ્લુ, મુરખ, ખબર નથી પડતી ? ભૂલી કેમ જાય છે ?'' આવાં અશોભનીય વાક્યો બોલી ધમકાવે. તેમનો નાનો દીકરો આ બધું જુવે ને સાંભળે. એક દિવસ બાળકે પિતા પાસે બજારમાંથી વસ્તુ મંગાવી. તેને પિતા લાવવાનું ભૂલી ગયા. ઘેર આવ્યા ત્યારે બાળકે પૂછ્યું ''પિતાજી વસ્તુ લાવ્યા ?'' બેટા ! એતો સાવ ભૂલાઇ જ ગયું. ત્યારે બાળક કહે કે, '' અરે ઉલ્લુ, મુરખ, ખબર નથી પડતી ? ભૂલી કેમ જાય છે ?'' આટલું સાભળતા જ પિતા તો અવાચક બની ગયા. આશ્ચર્યમાં ડૂબી ગયા અને પૂછ્યું બેટા ! તું આવું કેમ બોલે છે ? આવું ક્યાંથી શીખ્યો ? ત્યારે બાળક કહે ''પિતાજી ! તમે નોકર ભૂલી જાય ત્યારે આવું નથી કહેતા ? એટલે મને એમ કે કોઇ ભૂલી જાય કે કામ ન કરે તો તેને આવું કહેવું જોઇએ'' આ બાબતમાં જવાબદાર કોણ ? બાળકના માબાપ જ વિશેષ જવાબદાર છે.

આજના મોડર્ન યુગમાં વાલીઓએ પોતાના ઘરનો, રીતભાતને, પહેરવેશને સંપૂર્ણ વેસ્ટર્ન બાનાવવાની ઈચ્છા રાખે છે. આજના માબાપનો પહેરવેશ પણ બાળકોને શરમાવે તેવો હોય છે. એ વાલીઓ એટલા જગૃત નથી કે અમારું પ્રતિબિંબ ક્યાં પડશે. બાળકનું વર્તન એ તેના માતાપિતાનું પ્રતિબિંબ છે. બાળક તો કોરી સ્લેટ છે. તેની પર જેવાં ચિત્રો દોરવાં હશે તેવાં દોરી શકાશે. બાળક કૂમળો છોડ છે તેને જેમ વાળવો હશે તેમ વાળી શકાશે. માટે માતાપિતાઓ હમેશાં સાવધાન અને જગૃત રહે. અસ્તુ. જય શ્રી સ્વામિનારાયણ

# માતૃ ભક્ત બાળક રમેશ

લેખક : રમણીકભાઇ ગોર

બાળ મિત્રો, જય શ્રી સ્વામિનારાયણ,, માત-પિતાની સેવા કરવી એ દરેક પુત્રનો ધર્મ છે. માટે મા-બાપની સેવા અવશ્ય કરવી જોઇએ. તો માની સેવા કરનાર એક બાળકની વાર્તા સાંભળીએ.

એક નાનું ગામ હતું. તે ગામમાં રમેશ નામનો નાનો બાળક રહેતો હતો. તે પોતાની માતાની હંમેશાં આજ્ઞાનું પાલન કરતો.માતાની સેવા કરે,તેમને સંતોષ પમાળવો અને માતાના ગમતામાં રહેવું તેને બહુ જ ગમતું. માતાની સેવા કરવામાં પોતાને દુ:ખ થાતું તો તે દુ:ખને પણ રાજી થઇને સહન કરી લેતો.

એકવાર રમેશની માતા બીમાર થયાં. રમેશ માતાની બધીજ રીતે સેવા કરવા લાગી ગયો. એ ક દિવસ માતાએ રમેશને બુમ પાડી-બેટા રમેશ! મને તરસ લાગી છે, પાણી લઇ આવ. રમેશ તરત જ દોડતો પાણીનો ગ્લાસ લઇને માતા પાસે ગયો, પરંતુ ત્યાં સુધી તેની માતાને ઉંઘ આવી ગઇ હતી. માતાને ઉંઘમાથી જગાળવાનું યોગ્ય ન લાગ્યું. તેથી પાણીનો ગ્લાસ પકડીને માના પલંગની બાજુમાં ચૂપચાપ ઉભો રહ્યો, માતા ક્યારે જાગે તેની રાહ જોતો હતો.રમેશને આખી રાત આજ પ્રમાણે ઊભું રહેવું પડ્યું. તેની બીમાર માતાને સારી ઉંઘ આવી હતી. તેથી રાત્રે તે ફરી જાગી નહીં.

સવારે રમેશની માતા જાગી ત્યારે તેને જોયું કે તેનો બાળક રમેશ પાણી લઇને પોતાની પાસે ચૂપચાપ ઊભો છે. માતાની આંખોમાં પ્રેમનાં આંસું ભરાઇ આવ્યાં, તેને કહ્યું- બેટા રમેશ! તું આખી રાત શામાટે ઊભો રહ્યો? રમેશે કહ્યું માં! તું મારા માટે ઘણીવાર રાતોની રાતો સુધી જાગી છે, તો પછી જો હું તારા માટે એક રાત જાગતો રહ્યો તો એથી શું થયું?

રમેશની માતા તેના ઉપર ખૂબ રાજી થઇ અને આશીર્વાદ આપ્યા કે બેટા રમેશ! તું સર્વે પ્રકારે સુખી થઇશ.

બાળ મિત્રો, માતા પિતાની સેવા કરવી, તેના ગમતામાં રહેવું, તે કહે તેમ કરવું. તેમને દરરોજ પગે લાગીને જય સ્વામિનારાયણ કહેવા. તેમના આશીર્વાદ પ્રાપ્ત કરવા એજ માનવ જીવનની સફળતા છે.એમાં જ આલોક અને પરલોકમાં સુખ પ્રાપ્ત થાય છે.

# બી માં વૃક્ષ

લેખક :- સ્વામી પરબ્રહ્મજીવનદાસજી

જૂના વખતની એક વાત છે.

એક ઋષિ હતા.

તેમને એક દીકરો હતો.

ઋષિના આશ્રમમાં એક વડનું મોટું ઝાડ હતું.

ઝાડ પર ટેટા બેઠા હતા.

ઋષિપુત્ર એ ઝાડ હેઠળ રમે ને ટેટા વીણે.

એક દિવસ ઋષિપુત્ર કેટલાય ટેટા લઈને ઋષિની પાસે ગયો પછી કહે ''પિતાજી આ ટેટા કેવા સરસ છે.''



ઋષિએ કહ્યું, ''બેટા એક ટેટો ભાંગ!''

ઋષિપુત્રે ટેટો ભાંગ્યો.

ઋષિએ કહ્યું, ''હવે જો એમાં શું દેખાય છે?''

ઋષિપુત્રે કહ્યું, ''એમાં ઝીણા ઝીણા ઢગલાબંધ બીજ દેખાય છે.''

ઋષિએ કહ્યું, ''એ બી વાવીએ તો શું થાય?''

ઋષિપુત્રે કહ્યું, ''બી ઊગે ને એમાંથી વૃક્ષ થાય.''

ઋષિએ કહ્યું, ''ખરું કહ્યું બેટા, હવે આ ઢગલો બી માંથી એક બી લઈને તું ટૂકળો કર.''

પુત્રે બી ભાગ્યું.

ઋષિએ કહ્યું, ''જો એમાં શું દેખાય છે?''

પુત્રે આંખો ખેંચી ખેંચીને જોયું, પણ કંઈ દેખાયું નહિ.

તેણે કહ્યું, ''આમાં તો કાંઈ જ દેખાતું નથી!''

ઋષિએ કહ્યું, ''વૃક્ષ નથી દેખાતું?''

પુત્રે કહ્યું, ''ના આમાં તો કશું નથી.''

ઋષિએ કહ્યું, ''કશું નથી તો વૃક્ષ ઉગે છે શામાંથી ? વૃક્ષ આ બીમાંથી જ થાય છે એ વાત તો સાચીને ?.

પુત્રે કહ્યું, ''સાચી જ!''

ઋષિપુત્ર વિચારમાં પડી ગયો, થોડીવાર પછી તે બોલ્યો, ''પિતાજી, કેવી અજબ જેવી વાત છે, આવડા અમથા નાનકડા બી માં કેવડું મોટું વૃક્ષ સંતાયેલું છે, આંખે એ દેખાતું નથી એ વાત નક્કી.

ઋષિએ પ્રસન્ન થઈ કહ્યું, ''તારી વાત ખરી છે બેટા, ભગવાન પણ આ બી જેવો જ છે. એ દોખાતો નથી, છતાં છે. એ સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે. અને મોટામાં મોટો પણ છે. મોટામાં મોટો છતાં એ સૂક્ષ્મમાં સૂક્ષ્મની અંદર રહે છે. આ પૃથ્વી સૂર્ય, ચંદ્ર, ગ્રહો, નક્ષત્ર. આકાશ, વાયુ, જળ, અગ્નિ બધામાં એ વ્યાપેલો છે. એટલે કે મોટામાં મોટો છે. એવડો મોટો છતાં આંખે નહિ દેખાતા એવા નાનામાં નાના કણમાં પણ એ છે. એટલે નાનામાં નાનો પણ છે.''

ઋષિપુત્ર આશ્ચર્યથી સાંભળી રહ્યો.

બાલમત્રો, ભગવાનની પાસે અજબ ગજબની શક્તિ રહેલી છે.જો તમે એમના થઈને રહેશો તો ભગવાન પોતાની ઐશ્વર્ય શક્તિ બતાવશે.

---

# તંદુરસ્તી

લેખક શા.સ્વામી સંતસ્વરુપદાસજી

વારંવાર હાથ શા માટે ધોવા જોઈએ ?

બાળમિત્રો, તમને તમારા માતા-પિતા, વડીલ કે સંતો વારે વારે કહેતા હશે, ટોકતાં હશે. રમીને આવ્યા પછી હાથ ધોઈ નાખવા. હાથ ધોયા વગર જમવા બેસાય નહિ, હાથ ધોયા વગર પાણી પીવાય નહિ, મિત્રો, તમને મમ્મી-પપ્પાની આ કચ-કચ ગમતી નહિ હોય. પરંતુ મિત્રો, એ આપણા સારા માટે જ કહે છે. એમને તમારી તંદુરસ્તી ચિંતા રહે છે. તેથી વારે વારે ટોકતા હોય છે. વારંવાર હાથ શા માટે ધોવા જોઈએ, ચાલો એ વિશે થોડુક સમજીએ

૧. હાથમાં અશુદ્ધિઓ કયાંથી આવે છે?

તમે દિવસ દરમિયાન ઘણા લોકો સાથે હાથ મિલાવો છો. અનેક લોકોનો સ્પર્શ કરો છો. અનેક વસ્તુઓને અડકો છો. તેના દ્વારા તેના હાથમાં રહેલા કીટાણું અને વસ્તુઓમાં રહેલો મેલ તમારા હાથમાં ચીપકે છે. અને મેદાન કે ગલીઓમાં રમવાથી ધૂળ-ગંદકી તમારા હાથમાં ચોટે છે.

૨. હાથમાં રહેલા સૂક્ષ્મ જંતુઓ શરીરમાં કેમ પ્રવેશે છે ?

હાથમાં ચોટેલી સૂક્ષ્મ અશૂધ્ધિઓ ખોરાક દ્વારા તમારા શરીરમાં જાય છે. અને એજ હાથથી તમે તમારી આંખો, કાન, નાક વગેરેનો સ્પર્શ કરો છો. તે દ્વારા પણ હાથમાં ચોટેલ મેલ તમારા શરીરમાં જાય છે. અને હા, હાથના નખમાં

રહેલો મેલ પણ શરીરમાં જાય છે માટે નખોને વધારો નહિ સમયસર કાપી નાખવા.

૩. હાથમાં ચોંટેલ સૂક્ષ્મ જંતુઓને દૂર કરવા શું કરવું?

સૌથી સરળ ઊપાય એ છે કે અવાર-નવાર હાથ ધુઓ. હાથને સાબુ વડે ધોવાનો આગ્રહ રાખો. હાથ વડે નાક, કાન, આંખો વગેરેનો સ્પર્શ ન કરો.

૪. હાથ તમે કયારે ધોશો?

ટોઇલેટ ગયા પછી સત્તર વખત હાથ ધોવો. જમતા કે પાણી પીતા પહેલા, ઉધરસ કે છીંક ખાધા પછી, નાક - કાન સાફ કર્યા પછી, રમત રમીને આવ્યા પછી, હાથ મેલા થાય એવું કામ કર્યા પછી, બીમાર માણસને મળવા જતાં પહેલા અને મળીને આવ્યા પછી, કોઇ પણ પ્રાણીને અડયા પછી. મંદિરમાં ખુલો પ્રસાદ લેતા પહેલા અને જમ્યા પછી.

૫. યાદ રાખો.

તમારા હાથ દ્વારા અનેક બિમારીઓ તમારા શરીરમાં પ્રવેશે છે. તેનાથી દૂર રહેવા માટે હાથ ધોવામાં કયારેય આળસ ન કરો. સાબુથી કે પાણીથી હાથ ધોયા પછી તેને ચોખ્ખા ટુવાલ વડે લૂછો.

ભારતમાં થયેલા પરિક્ષણ મુજબ એવું જાણવામાં આવ્યું કે પેટમાં દુઃખાવો, આંખોમાં દુઃખાવો, ચામડીનો રોગ, સ્વાઇન ફ્લૂ વગેરે ઘણા રોગો ૪૦% હાથમાં રહેલી અશુદ્ધિઓ દ્વારા થાય છે. શરીરિક તંદુરસ્તી માટે ગંદકીથી દૂર રહો. હાથને હંમેશા સાફ રાખો.

# આધુનિક સાધનોમાં મોબાઇલ



લેખક શા. સ્વામી વેદાંતસ્વરુપદાસજી

ભક્તો, વિજ્ઞાને વિશ્વને અનેક ભેટો આપી છે. જેવા કે લાઇટ, લેમ્પો, ફોન, ટી.વી., ટેપ, સીડી, ફ્રિજ, એ.સી., કોમ્પ્યુટર, મોબાઇલ, ઇન્ટરનેટ, વિડીયોગેમ વગેરે. જીવનમાં કલ્પના ન કરી શકાય એવી વસ્તુઓની શોધો વિજ્ઞાને કરી છે. આ બધા ઉપકરણો આપણા જીવન સાથે વણાઇ ગયાં છે. હા, વિજ્ઞાને વિવિધ સાધનો દ્વારા માણસના જીવનને સરળ અને ઝડપી બનાવી દીધું છે.

પણ આ બધાં જ વીજ ઉપકરણો અર્થાત્ ઇલેક્ટોનિક સાધનો ઘણા ફાયદા કારક છે, સાથે સાથે એટલા જ નુકસાન કારક પણ છે. આ બધા સાધનો કેટલા ઉપયોગી છે અને કેટલાં નુકસાન કારક છે એ વિશે થોડુંક સમજીએ.

મોટા ઉદ્યોગપતિથી માંડીને શાક વેચનાર સુધી સૌને મોબાઇલની જરૂર પડે છે. નાના બાળકો અને કિશોરોથી માંડીને યુવાનો અને વૃદ્ધો સુધી સૌ મોબાઇલને પ્રેમથી સાચવે છે. આજે તો કેટલાક માત-પિતાઓ પુત્ર કરતાં વધુ ધ્યાન મોબાઇલમાં કે ટી.વી. વગેરે સાધનોમાં આપે છે.

પરંતુ મિત્રો, આ સત્ય જાણવા જેવું છે. કે મોબાઇલ ફોન 'માઇક્રોવેવ' થી ચાલે છે. અને આ માઇક્રોવેવ ખૂબ જ નુકસાન કારક છે. એના કિરણો કાન અને મગજનાં કોમળ અંગોને ખૂબ જ નુકસાન પહોંચાડે છે. પેન્ટના ખિસ્સામાં કે છાતીના ખિસ્સામાં મોબાઇલ રાખવાથી કીડની તથા હૃદયને નુકસાન પહોંચાડે છે. માઇક્રોવેવના કિરણો આકાશમાં ઉડતા પક્ષીઓને પણ નુકસાન પહોંચાડે છે. નાના બાળકોનાં મગજના હાડકાં ખૂબ જ કોમળ હોય છે. માઇક્રોવેવ તેને ખૂબ જ નુકસાન પહોંચાડે છે. અરે. કયાંક તો એવું સાંભળવા મળે છે કે મોબાઇલમાં આવતી ગેમોમાં બાળકો એવા રસીયા બની જાય છે કે તે ન રમવા મળે તો ગાંડા થઇ જાય, મા-બાપને સામા થાય છે. ઝગડાઓ કરે. માટે બની શકે તો નાના બાળકોને મોબાઇલ રૂપી રોગથી દૂર જ રાખવા જોઇએ.

મોબાઇલ શારીરીક તો નુકસાન કરે જ છે. સાથે સાથે આપનો ખૂબ કિંમતી સમયનો પણ બગાડ કરે છે. ખરાબ ઉપયોગ કરવાથી આપણા જીવનને પણ કુમાર્ગે દોરી જાય છે. એ માટે સાવધાન રહેવું જોઇએ. જો સારી રીતે ઉપયોગ કરીએ તો એ આપણા કામ કાજમાં મદદ રૂપ પણ બને છે, પણ એ માટે જરૂર પડતો જ ઉપયોગ કરવો જોઇએ.

બચવાનો ઉપાય :- બાળકોને વ્યક્તિગત મોબાઇલ ફોન રાખવાની કોઇ જરૂર હોતી નથી.

ઘરમાં પણ મોબાઇલ ફોનનો જરૂર પૂરતો જ ઉપયોગ કરો.

ફોન પર લાંબી અને નકામી વાતો ટાળો. ખોટા એસ. એમ. એસ. ગેમ્સ વગેરેમાં પડવું નહિ. સમય બગડે છે.

ફોનને ઓશીકા નીચે રાખી કયારેય ન સૂવો.

શકય હોય, તો મોબાઇલને શરીરથી દૂર રાખો. હેન્ડબેગમાં રાખો. વાત કરો ત્યારે બનીશકે તો સ્પીકર પર વાત કરો.

અભ્યાસ કરતા બાળકોએ આનીથી દૂર રહેવું.

બાળમિત્રો, જો તમને જીવનમાં આગળ વધવું હોય તે વધુ પડતા મોબાઇના ઉપયોગથી દૂર રહેજો. જયારે મોટા થાવો ત્યારે પણ જરૂર પડતો જ ઉપયોગ કરજો.

# શ્રી ઘનશ્યામ દશાબ્દી બાલમંચ - ભુજ

બાળક એ સંવેદનાશીલ પાત્ર છે. માનવના જીવનનો સૌથી મહત્વનો સમય



ગાળો એ બાળપણ છે. આ અવસ્થા એવી છે કે વ્યક્તિનાં ઘડતર માટેની સૌથી ઉત્તમ અવસ્થા છે. બાળકના ઉજ્જવળ ભવિષ્ય માટે સંસ્કાર અને સત્સંગની ખૂબ આવશ્યકતા છે. ઊંચી, વિશાળ અને સુંદર ઈમારતના નિર્માણ માટે જેમ મજબૂત પાયો હોવાનું અનિવાર્ય છે એમ દરેક દીર્ઘકાલીન બાબતો માટે પાયાની બાબતો પરત્વે વિશેષ ધ્યાન આપવું આવશ્યક છે. એટલે કે આપણું બાળક આપણું ભવિષ્ય છે. તેના સુંદર નિર્માણ માટે વિશેષ ધ્યાન આપવું એ આપણા દરેક ની ફરજ છે. એ બાબતને ધ્યાનમાં રાખીને ભુજ મંદિર સંચાલિત શ્રી ઘનશ્યામ બાલમંડળના બાળકોના સર્વાંગી વિકાશ માટે



પ.પૂ. મહંત સ્વામીની આજ્ઞાથી દર વર્ષે બાલમંચનું આયોજન કરવામાં આવે છે. એ બાલમંચને દશ વર્ષ પૂર્ણ થતા તા. ૨૦ - ૫ - ૨૦૧૬ થી તા. ૨૨ - ૫ -

અહેવાલ :- બાલમંચ સંચાલક સમીતિ

૨૦૧૬ ત્રિદીનાત્મક નિવાસી શ્રી ઘનશ્યામ દશાબ્દી બાલ મંચનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમા ૧૨૦૦ જેટલા બાળકો એ ભાગ લીધો હતો. તા, ૧૯ - ૫ - ૨૦૧૬ના બાળ ભક્તો મંચ સ્થળ શ્રી કન્યા વિદ્યા મંદિરમાં આવી પહોચ્યા હતા.

૧. પ્રથમ દિવસે જ પ્રભાત કાળના ઉગતા સૂરજના કિરણોની સાથે પૂ. સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા સ.ગુ. પુ. સ્વામી બાલકૃષ્ણદાસજી આદિ વડીલ સંતોના વરદ હસ્તે દીપ



પ્રાગટ્ય કરી બાલમંચનો શુભ પ્રારંભ કરવામાં આવ્યો હતો. પ્રારંભમાં જ પૂ મહંત સ્વામીએ બાળકોને શુભ આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ બાળકો દ્વારા સ્વાગત નૃત્ય કરવામાં આવ્યું હતું. ત્યાર પછી નાસ્તો.

૨. નાસ્તા બાદ વર્ગ ખંડમાં, ઉંમર પ્રમાણે એક વર્ગમાં ૬૦ - ૭૦ બાળકોના ૧૪ ગ્રુપ કરવામાં આવ્યા



હતા. ૧૪ કલાશમાં પ્રેઝેનટેશન દ્વારા ૧૪ સંતોએ પ્રથમ દિવસે આદર્શ બાળક, વિષે




સત્સંગી અને સંસ્કારી બાળક કેવો હોવો જોઈએ એ વિશે સમજણ આપી હતી. સાથે પ્રોઝેકટર દ્વારા ગેમ રમાડવામાં આવી હતી અને સાથે બાળકોને ગમતી સરસ વાર્તાઓ કરી બાળકોને આનંદીત કર્યા હતા. બીજા દિવસે એજ પ્રમાણે વર્ગ ખંડમાં શા માટે, આ વિષય પર આપણા ધાર્મિક ચિહ્નો જેવાં કે કંઠી, તિલક-ચાંદલો, ચોટી, પૂજા, વગેરે શામાટે કરીએ છીએ એ વિષે સારી સમજણ સંતોએ આપી હતી. જેમાં બાળકોને ખૂબ આનંદ આવ્યો હતો. વિભાગ એકમાં જેમાં ૧૨ થી ૧૫ વર્ષ સુધીના બાળકોમાં વર્ગ શિક્ષક સંતોમાં સ્વામી ભકતવત્સલદાસજી, સ્વામી પરબ્રહ્મજીવનદાસજી, શા. સ્વામી અક્ષરમુનીદાસજી, સ્વામી બ્રહ્મમુનીદાસજી, સ્વામી વેદાંતસ્વરૂપદાસજી, સ્વામી શુકમુનીદાસજી, સ્વામી ઘનશ્યામનંદનદાસજી, સ્વામી આનંદસ્વરૂપદાસજી, વિભાગ બેમાં જેમાં ૮ થી ૧૧ વર્ષના બાળકોમાં વર્ગ શિક્ષક સંતોમાં સ્વામી હરિપ્રસાદદાસજી, સ્વામી દેવવિહારીદાસજી, સ્વામી પ્રેમવલ્લભદાસજી, સ્વામી વિવેકમુનીદાસજી, સ્વામી રામાનુજદાસજી, સ્વામી નૌતમમુનીદાસજી રહ્યા હતા.



ઉ. આપણા સાસ્ત્રોમાં પૂજાનું બહુ મહત્ત્વ છે. પૂજા એટલે ભગવાન સાથેનો સિધો સંબંધ. આથી સંપ્રદાયમાં વ્યક્તિગત દરરોજ પ્રાતઃપૂજા કરવામાં આવે છે. એ પરંપરા અવિરત ચાલુ રહે એ માટે સંતોએ પૂજા કેમ કરવી તે શીખવ્યું હતું. સવારના વહેલી પરોઢે ૧૨૦૦ બાળકોનો સમૂહમાં સાલ-ધોતીમાં પૂજા કરાવવામાં આવી હતી. જેથી વાતાવરણ દિવ્ય બન્યું હતું પૂજા બાદ પ્રાર્થના કરવામાં આવી હતી. એજ પ્રમાણે સાંજે આરતી,ધૂન,પ્રાર્થના,ચેષ્ટા કરવામાં આવતી હતી.

૪. સાંજે ભોજન બાદ રાત્રે સ્પર્ધાત્મક સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવેલો હતો. જેમાં અલગ અલગ ગામોના બાલ મંડળના સંચાલકોએ તૈયાર કરેલ બાળકો નૃત્ય અને નાટકો રજૂ કર્યા હતા. જેમાં સંતોએ નિર્ણાયક તરીકે રહી બાળકોને સારું









પ્રોત્સહન આપ્યું હતું. નૃત્યમાં મુંબઈ બાલ મંડળના બાળકો પ્રથમ નંબરે આવ્યા હતા અને નૃત્યમાં હિરાપર ગામના બાલ મંડળના બાળકો પ્રથમ નંબરે આવ્યા હતા.


૫. બાલ મંચ દરમ્યાન દરરોજ ત્રણ ટાઈમ સમૂહમાં ભોજન પ્રસાદ આપવામાં આવ્યો હતો. ગરમીના સીજન હોવાથી વચ્ચે રિષેશમાં સવારમાં તાજો



શેરડી રસ અને બપોર પછીના સમયમાં તાજા તરબૂચ-સકરટેટી અને કુલ્ફિ આપવામાં આવતી. બાલ મંચ દરમ્યાન બાળકોને તરોતાજા કરવામાં આવતા હતા. આખો દિવસ બાળકો પ્રફુલિત અને આનંદીત રહેતા. તમામ રસોઈનું કાર્ય સ્વામી રામપ્રિયદાસજી અને સ્વામી મુક્તમુનિદાસજીના માર્ગદશન હેઠળ કરવામાં આવ્યું હતું. અને સંતોના રસોડાની સેવા સ્વામી સુવ્રતમુનીદાસજી, સ્વામી સત્યજીવનદાસજી, સ્વામી ન્યાલકરણદાસજી, સ્વામી બાલમુકુંદદાસજી આદી સંતોએ સંભાળી હતી. બાળકોને પીરસવાની સેવા નરનારાયણ નગરના યુવાનો અને સંચાલકોએ કરેલી હતી તેમજ વચ્ચે નાસ્તા તૈયાર કરવાની સેવા મદનપુરના યુવાનોએ કરે હતી. અને સમગ્ર સફાઈની સેવા કોડકી ગામના યુવાનોએ કરી હતી. ભોજન, તરબૂચ, શેરડી રસની ભક્તોએ સારી સેવા કરી હતી.

૬. શ્રી ઘનશ્યામ દશાબ્દી બાલમંચ અંતર્ગત વિવિધ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેવી કે વકતૃત્વ, વાર્તા, કીર્તન, પ્રશ્નો, ચિત્ર, લેખન, યોગાશન, વગેરે સ્પર્ધાઓમાં મોટી સંખ્યામાં બાળકોએ ભાગ લીધો હતો. જેના નિર્ણાયક તરીકે સંતો અને શિક્ષકો રહ્યા હતા. સ્પર્ધામાં ભાગલેનાર બાળકોને વડીલ સંતોના વરદ હસ્તે વિવિધ ઈનામો આપવામાં આવ્યા હતાં.

૭. બાળકોને ગમ્મત સાથે જ્ઞાન મળે એ માટે સાપસીડી, ચક્રવ્યુ, વન મિનિટ સો, આઉટડોર,ઈન્ડોર વગેરે વિવિધ રમતો રાખવામાં આવી હતી. બાળકોની બુદ્ધિનો વિકાસ થાય, શારીરીક તંદુરસ્તી રહે એવી




અનેક રમત ગમત ગોઠવણી કરવામાં આવી હતી. રમત ગમતમાં બાળકોને ખૂબ જ માજા આવી હતી કારણ કે એજ તો એનો સમય છે. સમગ્ર ગેમસ્ નું કાર્ય સ્વામી ભક્તિપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ દિનેશ ભગત આદિ ટીમે ઉઠાવ્યો હતો.

૮. બાલમંચના છેલ્લા દિવસે એક ડ્રેસમાં ગ્રુપ તસવીર લેવામાં આવી હતી ત્યાર બાદ ૧૦ લક્ષરી બસમાં બેસી મુખ્ય મંદિરે દર્શન કરવા લઇ ગયા હતા. શ્રી નરનારાયણદેવ, શ્રી ઘનશ્યામમહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ આદી દેવોના દર્શન કરી મંદિરના પાવન પગથિયે મહંત સ્વામી આદી વડીલ સંતો સાથે એક યાદગાર તસવીર લેવામાં આવી હતી. પરત પછા બાલમંચ સ્થળે કન્યા વિદ્યા મંદિરમાં.

૯. બાલમંચને દશ વર્ષ પૂર્ણ થતા શ્રી ઘનશ્યામ મહારાજના સ્વરૂપોનો ભવ્યાતિભવ્ય મહાઅભિષેક દશ વડીલ સંતો, દશ બાલમંચ કાર્યકર સંતો અને દશ બાળકો દ્વારા કરવામાં આવ્યો હતો સાથે તમામ બાળકોએ લાભ લીધો હતો. દશાબ્દી બાલમંચના ઉપલક્ષ્યમાં હરિ મમ રક્ષક, પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. જે પુસ્તિકા દરેક બાળકોને આપવીમાં આવી હતી. અને તમામ બાળકોને બાલમંચની સ્મૃતી રહે એ માટે ટીશર્ટ, મોમેન્ટો, પેન, કીચેઈન, વગેરે ઈનામો આપવામાં આવ્યા હતા. અંતે રાસ રમવામાં આવ્યો હતો.

૧૦. વિશેષ અતિથીમાં ભુજ મદિરના મુખ્ય કોઠરી શ્રી રામજીભાઇ, કુંવરજીભાઇ દેવરાજ, કન્યા વિદ્યા મંદિરના ટસ્ટ્રી પ્રવિણભાઇ પીંડોરીયા, લાલજીભાઇ રૂપાલીયા, લક્ષ્મણભાઈ વગેરે હાજરી આપી હતી. ઘણા બધા દાનવીર દાતીશ્રીઓએ ખૂબ સેવા કરી હતી. દરેક દાતાશ્રીઓને પૂ. મહંત સ્વામીએ ખૂબ ખૂબ આશીર્વાદ આપ્યા હતા.

સમગ્ર બાલમંચનું સંચાલન શા.સ્વામી અક્ષરપ્રિયદાસજીના માર્ગદર્શન હેઠણ શા. સ્વામી સંતસ્વરૂદાસજી, શા. સ્વામી ભક્તવત્સલદાસજી તથા પુ. સ્વામી પરબ્રહ્મજીવનદાસજી આદિ સંતોએ સંભાળ્યું હતું.



**મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી**

તમને સારા સંસ્કાર મળે એના માટે આપણા સંતો ખૂબ પ્રયાસ કરી રહ્યા છે. યુવાન સંતો તમારી અંદર જે સંસ્કારોનું સિંચન કરે છે એ બહુ જ મોટી વાત છે. સંતો કહે તેમ કરશો તો તમે અવશ્ય સુખી થવાના છો. સંતના વચને તમે બાળ મંચમાં હાજર થયા છો એ પણ પ્રશંસનીય વાત છે. નાના નાના બાળકોને અમારા નાના નાના સંતોએ વાત્સલ્ય ભાવ આપ્યો છે. બાળકોને એમ થાય કે સંતો છે એ અમારી મા છે.



આવા બાળ મંચમાં તમે હાજર થાઓ છો એ જ તમે ખરેખર ધન્ય ભાગ્યશાળી છો. તમે જે અત્યારે દાખડો કરો છો એનું ફળ ભવિષ્યમાં જરૂર મળશે. અહીં જે સંસ્કાર મળી રહ્યા છે એ તમારા જીવનમાં બહુ જ ઉપયોગી થશે. બાળપણમાં મળેલા સંસ્કારો તમારી આખી જિંદગીને શોભાવશે.

આ બાલ મંચમાં સેવા કરનાર તમામ સેવકો અને સંચાલકો હરિભક્તોનો ધન્યવાદ છે. સત્સંગની આવનાર પેઢીના ચારિત્ર્ય ઘડતર માટે આવા વિશેષ આયોજનો થતા રહે એવી ભગવાન શ્રીનરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

**સદ્ગુરુ કોઠારી પાર્ષદ જાદવજીભગત**

અત્યારે જેમ સંતો કહે છે એમ તમે કરો છો, એ જ રીતે મોટા થાઓ ત્યારે પણ સંતો કહે એમ કરજો. ભગવાન શ્રીનરનારાયણદેવના નિષ્ઠાવાન બાળકો બનીને રહેજો. કચ્છનો સત્સંગ આવોને આવો ઉજળો રાખજો.



સંતોને કહેજો કે 'જલ્દી બીજા બાલ મંચનું આયોજન કરજો જેથી અમે આવીને ફરી બીજી વખત લાભ લઈએ અને આનંદ કરીએ.'


**સદ્ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી**

સંતો શિક્ષક બનીને તમને અભ્યાસ કરાવે છે. તમે બાળકો બહુ જ ભાગ્યશાળી છો. ઘેર જાઓ ત્યારે તમારા માતા-પિતાને વાત કરજો કે અમને સંતોએ ખૂબ શીખવાડ્યું, માતા-પિતા પ્રેમ આપે એવો પ્રેમ આપ્યો. આ બાલ મંચની વાત તમારા ગામમાં તમારા બાલ મિત્રોને કરજો.

ભગવાનના ચરણારવિંદમાં પ્રાર્થના કરીએ કે તમારા ઉપર તમારા માતા-પિતા અને સંતો ખૂબ રાજી થાય, તમે ખૂબ સંસ્કારી બનો અને પ્રહ્લાદની પેઠે શૂરવીરતા પૂર્વક સત્સંગ કરો.


**પુરાણી સ્વામી મુક્તવલ્લભદાસજી**

બાળકો! તમે તમારા પરિવારનું, આખા ગામનું, આપણા સત્સંગનું ભવિષ્ય છો. આવતા દિવસોમાં આ સત્સંગનો ઉજળો રાખનાર તમે છો. એમાંય, જે બાળકને સત્પુરુષના આશીર્વાદ મળે એ ભવિષ્યમાં બહુ જ સુખી બને અને એ તમને અહીં મળી રહ્યા છે.



**પુરાણી સ્વામી પરમહંસદાસજી**

સંતોએ તમારા માટો ખૂબ જ પ્રયત્ન કર્યો છે. નાની વેલમાં પણ તાકાત બહુ હોય. પણ એને જો ઉપર ચડતા કોઈ આધાર ન મળે, તો ત્યાં



નીચે ઢગલો થઈને પડી રહે. આ સંતો તમારા માટે વૃક્ષ રૂપે બન્યા છે, આધાર રૂપ બન્યા છે. તમને કાંઇક નવી દિશા આપવા માટેનો પ્રયત્ન છે. તમારી અંદર રહેલા સંસ્કારો અને શક્તિને ઉજાગર કરવા અને સુંદર ભવિષ્યનું નિર્માણ કરવા આવા બાલ મંચો યોજાય છે.

પુજ્ય મહંત સ્વામીના આશીર્વાદથી આ સુંદર આયોજન થયું છે. તમને સંતોનો રાજીપો મળ્યો છે. સંતોએ જે તમને શીખવ્યું છે એ જીવનમાં વણવા માટે પ્રયત્ન કરજો. તમારા માતા-પિતા પ્રત્યે આદરભાવ રાખજો. તમને મળેલા સંતોના આશાર્વાદ તમને હંમેશાં સુખીયા કરશે.

**<u>શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી</u>**

પુજ્ય મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજીએ તમને જે ભલામણ કરી હતી કે દરરોજ સંધ્યા કાળે મંદિરે જઇ, બાલ સત્સંગ પુસ્તિકા પ્રમાણે સત્સંગ કરી ઘેર જઇને ભોજન જમવું - એ પ્રમાણે તમે છેલ્લા દસ વર્ષથી કરતા આવ્યા છો.

સંતો અહીં જે પ્રયત્ન કરે છે એ તમારા માટે છે. સંતોની વાત તમે માનશો, તો એ તમારા જીવનમાં બહુ જ કામ આવશે. આજે તમે ભલે નાના છો, પણ જો અત્યારની વાત યાદ રાખી હશે તો એ તમને આવનારા દિવસોમાં બહુ જ કામ આવશે. આપ સહુના શુભ સંકલ્પો પૂર્ણ થાઓ એવી ભગવાન શ્રીનરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

**<u>કોઠારી રામજીભાઇ દેવરાજ વેકરીયા</u>**

બાળકો! તમે ખૂબ ભાગ્યશાળી છો, કારણ કે સંતોએ તમારા ઉપર દયા કરીને ભગવાન શ્રીસ્વામિનારાયણનું જ્ઞાન તમને નાનપણથી શીખવાડે છે.

ધ્રુવ અને પ્રહ્‌લાદને તો એક જ સત્પુરુષનો યોગ થયેલો, પણ તમે બાળકો તો ખરેખર એના કરતાં પણ વધુ ભાગ્યશાળી છો કારણ કે તમને તો આટલાં આટલાં સંતોનો યોગ મળ્યો છે.



તમે આજે નાના છો, પણ જ્યારે મોટા થઓ ત્યારે પણ ભગવાન શ્રીનરનારાયણદેવ અને આ સંતોને ક્યારેય ભૂલતા નહીં, સંતો કહે એમ જ આપણે કરવાનું છે.

**<u>કુરજીભાઇ દેવરાજ વેકરીયા (યુ.કે)</u>**

તમારી સભા જોઇ અને મને બહુ આનંદ થયો. આટલી ભવ્ય વિશાળ બાળકોની સભા મેં મારી જિંદગીમાં આજે પહેલી વખત જોઇ છે.

મારી પણ તમારા જેવડી જ એક વખત ઉંમર હતી. પણ તમને અત્યારે જે લાભ મળી ગયો છે ને, એ મને એ વખતે નહોતો મળ્યો. તમે મારા કરતાં પણ વધુ ભાગ્યશાળી છો!



બારસો બારસો બાળકો વહેલી સવારે સાથે પૂજા કરતાં હોય, ભગવાનનો પ્રસાદ પંક્તિમાં બેસીને સાથે જમતા હોય, વ્યવસ્થિત લાઇનમાં ઊભા રહીને નિત્ય નિયમ બોલતા હોય, એકી સાથે સહુ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા હોય, ગમ્મત સાથે સત્સંગનો લાભ લેતા હોય, તમામ બાળકોની સંતો માતૃભાવથી સંભાળ રાખતા હોય...... આ દશાબ્દી બાલ મંચની કેટલી વાતો કરીએ! અદ્‌ભુત અને અદ્‌ભુત!

સત્સંગની આવતી પેઢીની નિઃસ્વાર્થ ભાવે ચિંતા કરનાર ભુજ મંદિરના સંતોના ચરણોમાં કોટી કોટી વંદન!

**ગાયોને ઘાસચારાનું વિતરણ**

શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ કચ્છના દરેક ગામડાંઓમાં ગાયોને ઘાસચારાનું વિચરણ કરવામાં આવ્યું. ભુજ, નલીયા, મુન્દ્રા, અબડાસા, લખપત, અંજાર, ભચાઉ, રાપર, માંડવી આદિ તાલુકાના અનેક ગામડાઓમાં આ વર્ષે પણ ગાયોને ૫૦૦૦ ઘાસની ગાંઠડીઓ તથા ૨૫૦૦ મણ નીલો ચરો અર્પણ કરવામાં આવ્યો. આમ ભુજ મંદિર દ્વારા દર વર્ષે અબોલા પ્રાણીઓને ઘાસચારા જેવી અનેક સેવા પ્રવૃત્તિ સતત ચાલુ છે.

સંપાદક :- પુરાણી સ્વામી બ્રહ્મમુનિદાસજી અને શાસ્ત્રી સ્વામી અક્ષરમુનિદાસજી

# બાળકોના બે બોલ - મંતવ્યો



૧, બાલ મંચમાં આવ્યા પહેલાં હું પૂજા ન તો કરતો. આહી સંતોએ પૂજાનું મહત્વ શીખવ્યું. પૂજા કરવાની રીત શીખવી. હવેથી હું એવો સંકલ્પ કરું છે કે દરરોજ પૂજા કરીશ અને જયાં જઇશ ત્યાં સાથે લઇ જઇશ. પૂજા કર્યા વિના પાણી પણ નહિ પીવું. (પંડયા હર્ષ દિપકભાઇ)

૨, સંતોએ અમોને ઘણું બધું નવું નવું શીખવાડ્યું. કેટલીક વસ્તુઓ અમો પહેલા કરતા, જેમ કે પૂજા, તીલક ચાંદલો વગેરે પણ એ શા માટે કરવું જોઇએ એ અમોને સમજણ નહિ.અહીં આવ્યા પછી એ કરવા પાછળનું કારણ સમજાયું. (નાકરાણી સંગત નારણ ભાઇ - આમારા)

૩, બાલ મંચમાં સંતોના સાથે દિવ્ય વાતાવરણમાં ત્રણ દિવસ રહેવાની મને ખૂબ મજા આવી. અમે દરરોજ સવારે વહેલા જાગી અને સમૂહ પૂજા કરતા. મારા જીવનમાં મેં કયારેય પણ બારસો બારસો જેટલા બાળકો સાથે સમૂહ પૂજા કરી નથી. આવા દર્શન પણ કયારે થયા નથી.

આ મારા જીવનનો આવો પહેલો અમુલ્ય અવસર હતો. હું આ ભુજ મંદિર આયોજિત દશાબ્દી બાલ મંચને મારા અંતિમ શ્વાસ સુધી યાદ રાખીશ. આવતા બાલમંચમાં હું મારા ગામના અન્ય બાળકોને પણ આવા બાલમંચમાં આવવાની પ્રેરણા આપીશ. (વાઘાણી ધનસુખ દિનેશ ભક્તિનગર)

૪. બાલ મંચમાં મને બહુ મજા આવી. સંતોનો સ્વભાવ મને બહુ ગમ્યો. પ્રેમથી બધુ શીખવતા, કોઇ બાળક ભૂલ કરે કે મસ્તી કરે તો મારવાને બદલે પ્રેમથી સમજાવતા, સંતોએ અમારું માતાની સમાન ધ્યાન રાખ્યું. (ધાર્મિક નાનજી વેકરીયા - બળદીયા નીચલોવાસ)

૫. હું ૧૯ના સાંજે બાલ મંચમાં આવ્યો, ત્યારે મને એમ થયું કે અહીં મજા આવશે કે નહિ. પણ અહીં તો સંતોનો વાત્સલ્ય ભાવ સંચાલકોનો સહકાર મળ્યો અને નવા નવા મિત્રો મળ્યા આથી એવી મજા આવી કે આવી મજા ઘરે પણ ન આવે. આવો બાલ મંચ ત્રણ દિવસ નહિ પણ દશ દિવસ થાય તો ખૂબ જ માજા પડી જાય. (જનોઇ જીતેન હરિભાઇ)

૬. હું પહેલાં ક્યારેય મા-બાપને પગે ન લાગતો. પણ બાલ મંચમાં આવીને મને સંતોએ શીખવ્યું કે માતા-પિતાને દરરોજ પગે લાગવું જોઇએ. એટલે હું હવેથી દરરોજ મા-બાપને પગે લાગીશ. (ભગત પાર્થ)

૭. બાલમંચમાં આવ્યા પહેલાં હું બજારમાં રેકડીએ ખાવા જતો, અને ડુંગળી લસણ તો ખાસ નખાવતો. આ બાલમંચમાં આવ્યા પછી મને જાણવા મળ્યું કે શા માટે ડુંગળી-લસણ ન ખાવું જોઇએ અને બજારમાં પાણીપૂરી વગેરે કેમ બનાવવામાં આવે છે. હું હવેથી એવો સંકલ્પ કરું છું કે હવે પછી કોઇ દિવસ બજારનું ખાઇશ નહિ અને ડુંગળી લસણને તો અડીશ જ નહિ. (વરસાણી જયેશ)

૮. ભુજ મંદિર દ્વારા દર વર્ષે એક દિવસીય બાલ મંચનું આયોજન કરાય છે. તેમાં છેલ્લા ત્રણ બાલમંચ થયા હું આવું છું. ખૂબ મજા આવે છે. શરૂ થયેલા બાલ મંચને આજે દશ વર્ષ પૂર્ણ થતા. આવો ભવ્ય શ્રી ઘનશ્યામ દશાબ્દી બાલમંચનું આયોજન થયું. એમાં હું સંચાલક તરીકે આવ્યો, હું અહીં સંતોની મહેનત જોઇ ખરેખર સંતો આપણા બાળકો પાછળ ખૂબજ મહેનત કરે છે. આવા બાલમંચ દર વર્ષે જો કરવામાં આવે તો બાળકોમાં સંસ્કાર, નરનારાયણદેવ પ્રતેની નિષ્ઠા, અને સંતો સંપ્રદાયનાં જ્ઞાનની સાથે હિન્દુત્વનું પણ જ્ઞાન આપે છે. એમાં કોઇ નાત જાતનો ભેદ પણ નથી. બ્રાહ્મણ, દરબાર, કણબી, ગઢવી, લુહાણા, આહિર, ભરવાડ વગેરે દરેકને સાથે જ રહેવાનું જમવાનું અને પૂજા વગેરે કરાવવામાં આવે છે. દરેક ગામમાં યુવનોએ બાળકોના ઉજવળ ભવિષ્ય માટે મહેનત કરવી જોઇએ. (સંચાલકશ્રી)

૯. संतोए हमे शीखाया के क़िस तरा बडोक़े साथ बाते क़रनी चाहिऐ, क़िसक़ो क़ैसे बोलाना चाहिए, संतोक़े साथ क़ैसे रहेना चाहिये, क़हा ओर क़ैसा खाना पिना चाहिये, क़िसक़े साथ दोस्ति क़रनी चाहिये, ऐसी और भी बहुत क़ुछ बातें हमें शीखाइ. ये वात में अपने गाँव सब मित्रोमें बाटुंगा. (पोक़ार जय क़िशोरभाइ नडियाद )

10. Breakfast, lunch and dinner was very tasteful. What to talk about the interesting games, especially the snake ladder game. This dashabdi bal manch really touched my heart. Just imagine living with 1,200 family members for three days and night! I appreciate all the santos for their energetic effort. Heartly prostration at the feet of Lord Shree Narnarayandev.
(Shyam Kiritbhai Thakar - Bhuj)



## ભુજ મંદિરના ૭ મંડળના સંતોની એક વર્ષ માટે સેવાની વરણી નીચે પ્રમાણે કરવામાં આવી હતી

આપણા ભુજ મંદિરની પરંપરાનુસાર પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ આપણા કચ્છ સત્સંગના સંચાલન માટે અલગ-અલગ સંતમંડળને સંચાલન વ્યવસ્થા સોંપવા સંવત્ ૨૦૭૨ જેઠ સુદ ૧૨ તા. ૧૭-૬-૧૬ શુક્રવારના રોજ મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની અધ્યક્ષતામાં સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતોની ઉપસ્થિતિમાં સર્વે સંતોની બેઠકમાં નીચે મુજબના મંડળધારી સંતોને કચ્છ સત્સંગની સંભાળ માટે અલગ-અલગ સેવા સોંપવામાં આવી છે. તે નીચે મુજબના સંતો સંભાળશે.

ભુજ : સ.ગુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજીના મંડળને : શ્રી નરનારાયણાદિદેવોની સેવા-પૂજા કરવી.

● આફ્રિકા ખંડમાં રહેતા ભક્તોને સત્સંગનો લાભ આપવા માટે આફ્રિકા દેશમાં સત્સંગ વિચરણ.

● શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ-ગાંધીધામનું સંચાલન કરવું. પુરાણી સ્વામી મુક્તવલ્લભદાસજી

માંડવી : સ.ગુ. સ્વામી ધર્મપ્રસાદદાસજીના મંડળને : માંડવી શ્રી વૃંદાવનવિહારી શ્રી ઘનશ્યામ મહારાજની સેવા-પૂજા કરવી. કોઠારી સ્વામી શાંતિસ્વરૂપદાસજી. ફોન નં. ૯૮૭૯૫ ૩૦૮૯૯

● ઓસ્ટ્રેલિયા ખંડમાં રહેતા ભક્તોની સંભાળ માટે સત્સંગ વિચરણ.

● શ્રીહરિ તપોવન ગુરુકુળ ગંગાજી-રામપરનું સંચાલન કરવું. સંચાલક શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી

અંજાર : સ.ગુ. સ્વામી કેશવપ્રસાદ દાસજીના મંડળને : અંજાર શ્રી ઘનશ્યામ મહારાજની સેવા-પૂજા કરવી. કોઠારી સ્વામી સુખદેવસ્વરૂપ દાસજી, ફોન નં. ૯૮૭૯૫ ૨૨૪૯૫

● ગાંધીધામ, સિનુગ્રા, કુંભારીયા, નિંગાળ આદિ ગામોમાં કથા-વાર્તા, ઉત્સવો પારાયણો ઉજવવી.

● લંડન હેરો મંદિરના શ્રી ઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે યુ.કે.ના પ્રવાસે સત્સંગ વિચરણ.

સુખપર દેશ : સ.ગુ. સ્વામી ભગવત્જીવનદાસજીના મંડળને : સુખપર દેશમાં આવતા ગામડાઓ - સુખપર, નરનારાયણનગર, મદનપુર, બળદીયા ઉ.વા., બળદીયા ની.વા. કુંદનપુર, કેરા, કોડકી, ભક્તિનગર, માનકુવા, ફોટડી, મુન્દ્રા, ગેલડા, આદિ ગામોમાં કથા-વાર્તા, પારાયણો ઉત્સવો ઉજવવા.

● શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ-માંડવીનું સંચાલન કરવું. સંચાલક શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજી

રામપર દેશ : સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજીના મંડળને : રામપર દેશમાં આવતા ગામડાંઓ- મિરજાપર, સુરજપર, નારાણપર ઉ.વા., નારાણપર ની.વા., મેઘપર, ગોડપર, દહીંસરા, સરલી, રામપર ન.વા., રામપર જુ.વા., સામત્રા, વેકરા, વાડાસર આદિ ગામોમાં કથા-વાર્તા, પારાયણો, ઉત્સવો ઉજવવા.

● શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ-રાપર (વાગડ)નું સંચાલન કરવું. સંચાલક પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી

● શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન-વિલેપાર્લા-મુંબઈનું સંચાલન કરવું. સંચાલક શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી

અબડાસા દેશ : સ.ગુ. સ્વામી ધર્મવલ્લભદાસજીના મંડળને : અબડાસા દેશમાં આવતા ગામડાંઓ - રવાપર, આમારા, ઘડાણી, નેત્રા, રસલીયા, દયાપર, દોલતપર, અંગીયા સાથે ભારાસર, સુખપર-રોહા આદિ ગામોમાં કથા-વાર્તા, પારાયણો ઉત્સવો ઉજવવા.

● વિલ્સડન લંડન આદિ મંદિરોના પાટોત્સવ ઉજવવા.

યુ.કે.માં સત્સંગ વિચરણ.

● ભુજ પ્રસાદી મંદિરનું સંચાલન કરવું. કોઠારી સ્વામી નંદકિશોરદાસજી ફોન નં. ૦૨૮૩૨-૨૯૦૧૩૧

● શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ નારાણપરનું સંચાલન કરવું. સંચાલક પુરાણી સ્વામી ધર્મચરણદાસજી

વાગડ દેશ : સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજીના મંડળને : વાગડ દેશમાં આવતા ગામડાંઓ - માધાપર, હરિપર, હીરાપર, ધાણેટી, દૂધઈ, ઈન્દ્રપ્રસ્થ, ધમડકા, ભચાઉ, નવાગામ, ખારોઈ, મનફરા, ચોબારી, આધોઈ, સરદારનગર, ચીરઈ, નવી ચીરઈ, ભીમાસર, રાપર, રત્નેશ્વર, ઉમીયા, નવાપરા, સેલારી, કલ્યાણપર, કંથકોટ, પદમપર આદિ ગામોમાં કથા-વાર્તા, ઉત્સવો, પારાયણો ઉજવવી.

● ભારતદેશમાં જ્યાં જ્યાં કચ્છના સત્સંગીઓ વસે છે ત્યાં સત્સંગ વિચરણ.

● શ્રી સહજાનંદ ગુરુકુળ-માનકુવાનું સંચાલન કરવું. સંચાલક શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી

શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી સ્મૃતિ મંદિર સંચાલક :- સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી ફોન નં. (૦૨૮૩૨) ૨૨૭૩૩૧

શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, ભુજ સંચાલક :- પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સ્વામી દેવપ્રકાશદાસજી

શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, માંડવીના સંચાલક :- સ.ગુ. સ્વામી ભગવતજીવનદાસજી, સ્વામી દેવપ્રકાશદાસજી

શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મેડીકલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત રાહત સમિતિ :- શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સ્વામી ભક્તિચરણદાસજી

નવનિર્માણાધિન શ્રી સ્વામિનારાયણ મંદિર, રાપર :- પુરાણી સ્વામી કૃષ્ણપ્રિયદાસજી (કે.પી. સ્વામી) ફોન નં. ૯૮૨૫૪ ૩૨૮૭૭

નવનિર્માણાધિન શ્રી સ્વામિનારાયણ મંદિર, અંજાર :- સ્વામી ધર્મચરણદાસજી, પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, પુરાણી સ્વામી દિવ્યસ્વરૂપદાસજી આદિ સંતો

શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભવન ભાટ, ગાંધીનગર તથા શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભવન કાલુપુર, અમદાવાદ : ફોન નં. ૯૭૭૯૩ ૩૬૪૬૩ :- સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજી ફોન નં. ૮૨૩૮૦ ૦૮૬૬૬

સંવત્ ૨૦૭૨ જેઠ સુદ ૧૨ તા. ૧૭-૬ ૧૬ શુક્રવાર ભુજ મંદિરની સ્થાનિક વિવિધ સેવામાં નવનિર્વાચિત સંતો

મુખ્ય કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, કોઠારી શા. સ્વામી નારાયણમુનિદાસજી, ઉપકોઠારી શા. સ્વામી દેવસ્વરૂપદાસજી, સ્વામી ધર્મજીવનદાસજી, સ્વામી મુનીશ્વરદાસજી,

ભોજનાલય : સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, પુ. સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી

ભંડારી : સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી, સ્વામી અક્ષરસ્વરૂપદાસજી, સ્વામી ઉત્તમચરણ દાસજી

પાકશાળા - છાશ : સ્વામી ધર્મસ્વરૂપ દાસજી, સ્વામી વિજ્ઞાનદાસજી, સ્વામી વેદપ્રકાશદાસજી, પુ. સ્વામી બદ્રીશ્વરદાસજી, પુ. સ્વામી રામાનુજદાસજી, પુ. સ્વામી નૌતમમુનિદાસજી

લાઈટ સેવા : સ્વામી શ્રીવલ્લભદાસજી, સ્વામી જગજીવનદાસજી

પાણી સેવા : સ્વામી નરનારાયણસ્વરૂપ દાસજી

સહજાનંદ બાગ (લેરવાડી), નરનારાયણ બાગ (રેલડી) : સ્વામી જગજીવનદાસજી,શા. સ્વામી વિશ્વપ્રકાશદાસજી, સ્વામી ધર્મપ્રિયદાસજી

ફૂલહાર સેવા : સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી

ઘનશ્યામ વાડી (રાવલવાડી) અને ફુલવાડી : સ્વામી હરિસેવકદાસજી, પુ. સ્વામી ધર્મવિહારીદાસજી

પુસ્તક પ્રકાશન તથા વેબસાઈટ : શા. પાર્ષદ માવજી ભગત તથા સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

યુવક મંડળ : પુરાણી સ્વામી પરમહંસદાસજી, શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી

બાળ મંડળ : શા. સ્વામી ભક્તવત્સલ દાસજી, પુ. સ્વામી સંતસ્વરૂપદાસજી,

વોટ્સએપ : શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી

---

### મેડીકલ કેમ્પ

કચ્છના અતિ દુર્ગમ વિસ્તાર વાગડના ખડીર વિસ્તારમાં રહેતા લોકોની સુખાકારી માટે ભુજ મંદિર તરફથી મેડીકલ કેમ્પ રાખવામાં આવ્યો હતો.

તા. ૨૯-૫-૧૬ રવિવારના રોજ અ.નિ સ.ગુ. સ્વામી હરિજીવનદાસજીની પુણ્યસ્મૃતિમાં ખાસ કરીને નેત્ર,પથરી તથા કમરના દર્દો તથા જનરલ તપાસ સાથે સંપૂર્ણ સારવાર કરવામાં આવી હતી. ૨૭૫ જેટલા દર્દીઓ ભાગ લીધો હતો. ભુજ, પાટણ, અમદાવાદથી




ડોક્ટરો પોતાની સેવા આપી હતી.

દીપ પ્રાગટ્ય સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી મુકુન્દજીવનદાસજી તથા પુ.સ્વામી હરિબળદાસજી તથા આર્થિક સહયોગ દાતા પ.ભ. અ.નિ. ગોવિંદભાઈ જેઠા ભુડીયા પરિવારના સુપુત્રો પ.ભ. જાદવજીભાઈ તથા કિશોરભાઈ આદિ કર્યું હતું. સેવામાં આવેલા ડોક્ટરોનું શાલ-હાર દ્વારા સન્માન કરાયું હતું. સાથે યજમાન પરિવારને પણ આશીર્વાદ સાથે પહેરામણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે રતનપર ગામના વિદ્યાર્થીઓ, બાળકો, બાલિકાઓને સંતો તથા માધાપરના સાં.યો. બહેનો દ્વારા નોટબૂકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

રાપર ગુરુકુળના સંચાલક સંતો પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા શા. સ્વામી અક્ષરમુનિદાસજી આદિ સંતોએ સંપૂર્ણ સહયોગ આપી પૂર્વની સંમગ્ર વ્યવસ્થા સંભાળી હતી.

આ વિસ્તારની ગાયો માટે પણ આજના દિવસે ગાયોને ચારો નિરવવામાં આવ્યો હતો.

- સ્વામી સુવ્રતમુનિદાસજી

---

### વાર્ષિક પાટોત્સવ-રાપર

શ્રી સ્વામિનારાયણ મંદિર રાપરનો વાર્ષિક પાટોત્સવ તથા નૂતન સિંહાસન સ્થળાંતર મૂર્તિ પધરાવવાનો કાર્યક્રમ ૧ દિવસીય વિષ્ણુયાગ દ્વારા યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભુજથી સ.ગુ.



પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી આદિ સંતો પધાર્યા હતા. પૂ. કૃષ્ણપ્રિયદાસજી સ્વામીએ સ્થાનિક ભક્તો સાથે સુંદર વ્યવસ્થા ગોઠવી હતી. આજના મુખ્ય યજમાન પ.ભ. ગોકલભાઇ હોથી કારોત્રા, રાપર, હાલ મુંબઇ સપરિવાર રહ્યા હતા.

– સ્વામી સુવૃતમુનિદાસજી

---

### શ્રી સહજાનંદ (૧૨૫) સપાદ શતાબ્દી મહોત્સવ એવં નૂતન મંદિર દશાબ્દી મહોત્સવ - સુખપર

શ્રી સ્વામિનારાયણ મંદિર, સુખપર મધ્યે તા. ૨૫ મે ૨૦૧૬ થી ૨૯ મે ૨૦૧૬ સુધી શ્રી સહજાનંદ

(૧૨૫) સપાદ શતાબ્દી મહોત્સવ એવં નૂતન મંદિર દશાબ્દી મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો. સુખપર ગામના મંદિરમાં મુખ્ય સિંહાસનમાં બિરાજમાન શ્રી સહજાનંદ સ્વામીની મૂર્તિને (૧૨૫) વર્ષ થતાં સપાદ શતાબ્દી મહોત્સવ તેમજ નૂતન મંદિર દશાબ્દી તેમજ શ્રી ઘનશ્યામ વાડીમાં શ્રી ઘનશ્યામ સભામંડપના ઉદ્‌ઘાટન પ્રસંગે તેમજ સુખપર ગામનાં તોરણ બંધાયા તેને ૧૮૦ વર્ષ પૂર્ણ થયાં એ નિમિત્તે ભુજ મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, જ્યોતિષજ્ઞ સ.ગુ. પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજી આદિ સંતોની આજ્ઞા તથા આશીર્વાદથી 'શ્રીમદ્‌ સત્સંગિજીવન' પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવેલ હતું.

મહોત્સવનો પ્રારંભ સંવત્‌ ૨૦૭૨, વૈશાખ વદ-૨ તા. ૨૪-૫-૨૦૧૬ મંગળવારે સાંજે ૪:૦૦ વાગ્યે પોથીપૂજનથી કરવામાં આવ્યો હતો. પોથીયાત્રા વાજતે-ગાજતે નિજ મંદિરમાંથી શ્રી ઘનશ્યામ સભામંડપમાં લાવવામાં આવી હતી. આ પોથીયાત્રામાં બહોળી સંખ્યામાં ભાઈઓ-બહેનો હરિભક્તો જોડાયા હતા.

વક્તાપદે પુ. સ્વામી પરમહંસદાસજી, શા.સ્વામી બ્રહ્મમુનિદાસજી તથા શા. સ્વામી શૌનકમુનિદાસજી આદિ સંતો પોતાની સમધુર શૈલીમાં કથાનું રસપાન કરાવી ભક્તોને રાજી કર્યા હતા. સંગીતમાં સહયોગ સ્વામી અક્ષરમુક્તદાસજી તથા તબલાવાદક સ્વામી કપિલમુનિદાસજીએ આપ્યો હતો.

તા. ૨૬-૫-૨૦૧૬ને ગુરુવારે બપોરની કથામાં શ્રીઘનશ્યામ જન્મોત્સવ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનોએ સુંદર વેષભૂષામાં સંતોની સાથે સંગીતના સથવારે ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. બાળસ્વરૂપ શ્રીઘનશ્યામને પારણીયામાં ઝુલાવવામાં આવ્યા હતા.

તા. ૨૭-૫-૨૦૧૬ને શુક્રવારે બપોરના ૪:૦૦ કલાકે પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજનું ભવ્ય આગમન કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, સુખપર, મદનપુર તેમજ નરનારાયણનગરના યુવાનો સાથે મળી એક વેષભૂષામાં બાઈક રેલી સાથે ભવ્ય સ્વાગત કરેલ. મહારાજશ્રીના આગમનથી ગામજનોમાં ઉત્સાહ પ્રવર્તાયો હતો. મહારાજશ્રી ભાઈઓ તેમજ બહેનોના મંદિરમાં શ્રીઠાકોરજીની આરતી ઉતારી શ્રીઘનશ્યામ સભામંડપમાં પધાર્યા હતા.

તા. ૨૮-૫-૨૦૧૬ના શનિવારે સવારે ૮:૦૦ કલાકે શ્રીઠાકોરજીની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રામાં ચોવીસી ગામની મંડળીઓ, કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો, યુવતીઓ, વડીલો, બાળકો વાજિંત્રોના તાલ સાથે કીર્તન, ધૂનના નાદ સાથે જોડાયા હતા. શ્રીઠાકોરજીને ભવ્ય રથ ઉપર બેસાડી ગામમાં ફરી આ શોભાયાત્રાને સભામંડપમાં વિરામ આપવામાં આવ્યો હતો.

સંવત્‌ ૨૦૭૨, વૈશાખ સુદ-૭ તા. ૨૯-૫-૨૦૧૬ રવિવારના મંગળા આરતીબાદ ભવ્ય પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રભાતફેરીમાં સુખપર, મદનપુર તેમજ નરનારાયણનગરના યુવાનો, યુવતીઓ, બાળકો, વડીલો કીર્તનો, ધૂનના નાદ સાથે જોડાયા હતા. ત્યારબાદ સવારે ૬:૦૦ વાગ્યે આચાર્ય મહારાજશ્રી તથા વડીલ સંતો તથા યજમાનશ્રીઓના વરદ્‌ હસ્તે શ્રીઠાકોરજીનો પંચામૃત અભિષેક બાદ શ્રીઠાકોરજી આગળ વિવિધ પ્રકારના થાળ અન્નકૂટના રૂપમાં ગોઠવવામાં આવ્યા હતા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તેમજ વડીલ સંતો તથા યજમાનશ્રીઓ સાથે રહી અન્નકૂટની આરતી ઉતારી હતી.

આ ઉત્સવ દરમ્યાન સુખરપરનો ઈતિહાસ તેમજ ગામની પ્રવૃત્તિનો સંગ્રહ કરતી પુસ્તિકા મહારાજશ્રી, મહંત સ્વામી આદિ વડીલ સંતો તેમજ યજમાનશ્રીઓના વરદ્‌ હસ્તે ''સુખપર ગામની ગૌરવગાથા''નું વિમોચન કરવામાં આવ્યું હતું. તેમજ આ ઉત્સવ દરમ્યાન પાંચે દિવસ ગાયોને ઘાસચારો,

વૃક્ષારોપણ વગેરે કાર્યક્રમો યોજાયા હતા. તેમજ આ ઉત્સવ અંતર્ગત મેડીકલ કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલ. આ મેડીકલ કેમ્પમાં રક્તદાન જેવી સેવા આપવામાં આવી હતી.

આ ઉત્સવ અંતર્ગત  ભુજ, પ્રસાદી મંદિર, માંડવી, અંજાર તથા ભુજ મંદિર સંચાલિત શૈક્ષણિક તથા સમાજિક સંસ્થાની સેવા સંભાળતા સંતો પધારી હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

રાત્રી કાર્યક્રમો :-

આ ઉત્સવ દરમ્યાન કથાના પહેલા જ દિવસે તા. ૨૫-૫ના રાત્રે ૮:૩૦ કલાકે  શ્રીઘનશ્યામ બાલમંડળ તથા  કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો દ્વારા ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સુખપર ગામનો ઈતિહાસ, બોધ આપતા રૂપકો રજૂ કરવામાં આવ્યા હતા. તેમજ કથાના બીજા દિવસે ભુજ મંદિરના મહંત સાં.યો. સામબાઈ ફઈ તેમજ સુખપર મંદિરના મહંત વેલબાઈ ફઈ આદિ સાં.યો. બહેનોના માર્ગદર્શન હેઠળ તા. ૨૬-૫ ના રાત્રે ભવ્ય મહિલામંચ ઉજવવામાં આવ્યો હતો. તેમજ મહંત સાં.યો. સામબાઈ ફઈએ બહેન દીકરીઓને આશીર્વાદ આપ્યા હતા. તેમજ તા. ૨૭-૫ના રોજ રાત્રે ૮:૩૦ કલાકે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો દ્વારા ઓરકેષ્ટ્રા સાથે સંગીતના સથવારે ભવ્ય રાસોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ.

આ ઉત્સવમાં નાની-મોટી સેવા કરનાર હરિભક્તોને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે પહેરામણી કરવામાં આવી હતી  તેમજ મંદિરના ટ્રસ્ટીશ્રીઓ, વડીલો,યજમાનશ્રીઓ તેમજ આ ઉત્સવ દરમ્યાન જે પણ હરિભક્તોએ તન,મન અને ધનથી નાની-મોટી સેવા કરી હતી એ સર્વેનો આભાર માનવામાં આવ્યો હતો.

કથાના છેલ્લા દિવસે તા. ૨૯-૫-૨૦૧૬ રવિવારે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ પધારેલ સર્વે હરિભક્તોને  આશીર્વાદ પાઠવ્યા હતા. આ ઉત્સવમાં પધારેલ સર્વે હરિભક્તોને પાંચ ટાઈમ ભોજનપ્રસાદની વ્યવસ્થા પણ રાખવામાં આવી હતી. તેમજ હરિભક્તો માટે તરબૂચ તથા શેરડીરસની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સમગ્ર ઉત્સવનું સભાસંચાલન પુ.સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજીએ સંભાળ્યું હતું.

- ટ્રસ્ટીશ્રી વાઘજી વાલજી પટેલ, સુખપર

- કિશોર રવજી પિંડોરીયા, સુખપર

---

## રાપર ગુરુકુળમાં ઉજવાયો શાળાનો પ્રવેશોત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ રાપરમાં તા. ૧૮/૬/૨૦૧૬; શનિવારનાં રોજ શાળાનો પ્રવેશોત્સવ ઉત્સાહભેર ખૂબ જ ધામધૂમથી ઊજવાયો.

સવારે ૮:૩૦ કલાકે ભુજ મંદિરના મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત ૪૫થી વધારે સંતોની સાથે રાપર ગુરુકુળ પધાર્યા. ગુરુકુળના વિદ્યાર્થીઓએ પુષ્પવૃષ્ટિ દ્વારા સૌ સંતોનું સ્વાગત કર્યું. ત્યારબાદ પ્રાર્થના મંદિરમાં વિશાળ સભાનું આયોજન થયું. તેમાં નાના-નાના બાળકોએ આવો કરીએ સ્વાગત અમે પ્રેમથી ભર્યા - આ ગીત પર નૃત્ય કરી સૌનું સ્વાગત કર્યું. ત્યારબાદ ધોરણ નવમાં અભ્યાસ કરતા ઢીલા બળદેવ ગણેશભાઈએ પ્રાસંગીક પ્રવચન કરી પ્રવેશોત્સવ શા માટે તે પ્રશ્નનું સમાધાન કરી સંભળાવ્યું. પછી આ વર્ષે ગુરુકુળ શાળામાં નવો પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને મહંત સ્વામીએ કુંકુંનો ચાંદલો કરી વિદ્યાભ્યાસમાં પ્રવેશ કરાવ્યો અને જાદવજી ભગતે બે-બે નોટબુક અને એક બોલપેન ભેટમાં આપી. ત્યારબાદ ધોરણ ૧૧માં વિદ્યાભ્યાસ કરતા ચૌધરી મુકેશ માવજીભાઈએ અમને જોઈએ છે આવું શિક્ષણ - એ વિષય પર પોતાની આગવી ભાષામાં છટાદાર પ્રવચન કરી આખીય સભાને આશ્ચર્યની સાથે સ્તબ્ધ કરી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓને સવાર-સાંજ પ્રાર્થના કરવા માટેની પુસ્તિકા સત્સંગ સુધાનું મહંત સ્વામી આદિ વડિલ સંતોના વરદ્ હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. પછી

શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંકે ઉત્તીર્ણ થયેલ દરેક ધોરણના તેજસ્વી તારલાઓનું નામ, ફોટો, ધોરણ, મેળવેલ ટકા સાથેની માહિતીવાળા સરસ મજાના શીલ્ડ આપીને મહંત સ્વામીએ સન્માન કર્યું.

રાપર ગુરુકુળમાં ચાલતી શાળાનું શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬માં ધોરણ ૧૦નું ૮૦% અને ૧૨નું ૮૮.૮૭ (હોસ્ટેલનું ૧૦૦%) પરિણામ આવેલ છે. આટલું પરીણામ લાવવા પાછળ મહેનત કરનાર આચાર્યશ્રી રાવતસિંહ બી. ગોહિલ સાથે સમગ્ર શિક્ષક સ્ટાફનું મહંત સ્વામીએ બહુમાન કર્યું હતું. ત્યારબાદ ધોરણ ૧૨ના વિદ્યાર્થી વરચંદ કિશોર ધનજીભાઈએ અંગ્રેજીમાં ભગવાન સ્વામિનારાયણ વિશે પ્રવચન કર્યું હતું. આ વર્ષે ૨૯૬ નવા વિદ્યાર્થીઓએ રાપર ગુરુકુળમાં પ્રવેશ મેળવ્યો. કુલ ૫૦૨ વિદ્યાર્થીઓ રાપર ગુરુકુળમાં વિદ્યાભ્યાસ કરી રહ્યા છે. દરેક વિદ્યાર્થીઓને બે-બે નોટબુક અને એક બોલપેન ભેટમાં આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે પાર્ષદવર્ય જાદવજી ભગતે તથા મહંત સ્વામીએ બાળકોને રુડા આશીર્વાદ પાઠવી સંચાલક સંતો અને શિક્ષકોને સારું શિક્ષણ આપવા વિશે ભલામણ કરી હતી. ગુરુકુળના પ્રમુખશ્રી પુ. સ્વામી હરિબળદાસજી અને પુ. સ્વામી બાલકૃષ્ણદાસજીએ રૂ. ૨૫,૦૦૦/- ભુજ શ્રીનરનારાયણદેવને ભેટ તથા ગાયોના ચારાની વ્યવસ્થા ભુજ મંદિરમાં અર્પણ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શા. સ્વામી અક્ષરમુનિદાસજીએ કર્યું હતું. ગુરુકુળના સંચાલક પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી, પુ. સ્વામી સુવ્રતમુનિદાસજી તથા પુ. સ્વામી માધવચરણદાસજી સાથે રહ્યા હતા.

---

## શ્રી સહજાનંદ ગુરુકુલ સંચાલિત શ્રી પુરુષોત્તમ વિદ્યાલય, માનકુવાનું ધો. ૧૦ અને ધો. ૧૨ (સા.પ્ર.)નું પ્રાપ્ત કરેલ શ્રેષ્ઠ પરિણામ

માનકુવામાં શ્રી સહજાનંદ ગુરુકુલ સંચાલિત, શ્રી પુરુષોત્તમ વિદ્યાલયના ધો.૧૦ અને ધો. ૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

શાળાના ધો. ૧૦ના વિદ્યાર્થી ઝરૂ મિતેશ માદેવાભાઈ ૯૫.૨૧ પર્સન્ટાઈલ રેન્ક પ્રથમ, બાંભણિયા જયદિપ રવજીભાઈ ૯૪.૯૩ પર્સન્ટાઈલ રેન્ક દ્વિતીય તથા વિરડા અંકિત ધનજીભાઈ ૯૩.૨૧ પર્સન્ટાઈલ રેન્ક તૃતીય ક્રમે રહ્યા હતા.

શાળાના ધો. ૧૨ ના વિદ્યાર્થી દિવાણી પ્રફુલ્લ રતનભાઈ ૯૭.૫૯ પર્સન્ટાઈલ રેન્ક પ્રથમ, સોનારા સામજી બાબુ ૯૬.૬૩ પર્સન્ટાઈલ રેન્ક દ્વિતીય તથા બરારીયા ભરત બાબુ ૯૫.૮૨ પર્સન્ટાઈલ રેન્ક તૃતીય ક્રમે રહ્યા હતા.

શાળાના પરિણામ બદલ સંસ્થાના ટ્રસ્ટીશ્રી લક્ષ્મણભાઈ સામજી શિયાણી, રામજીભાઈ રત્ના હિરાણી તથા વિદ્યાલયના આચાર્યશ્રી જીજ્ઞેશભાઈ ઠક્કર, હરેશભાઈ પટેલ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. સંસ્થાના અધ્યક્ષશ્રી શા. સ્વામી ભક્તિપ્રિયદાસજી, સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, સંચાલક શા. સ્વામી ગોલોકવિહારીદાસજી, સ.ગુ. સ્વામી યજ્ઞપુરુષદાસજી, સ્વામી અક્ષરવિહારીદાસજી, સ્વામી ઘનશ્યામવલ્લભદાસજી, કોઠારી પાર્ષદ ખીમજી ભગતે વિદ્યાર્થીઓને ઉત્તરોતર પ્રગતિ કરવા આશીર્વચન આપ્યા હતા. તેમજ શ્રેષ્ઠ પરિણામ બદલ વિદ્યાલયના શિક્ષકોની મહેનતને પણ બિરદાવી હતી. ઉપરાંત આગામી વર્ષોમાં પણ ઉજ્જવળ પરિણામની પરંપરા જળવાઈ રહે તેવી નેમ વ્યક્ત કરી હતી.

- આચાર્યશ્રી

---

## ૧૧૯મો વાર્ષિક પાટોત્સવ, ત્રિદિનાત્મક પારાયણ જ્ઞાનયજ્ઞ, માધાપર

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરમકૃપા તથા વડીલ સંતોના તથા માવિત્રોના આશીર્વાદથી ગામ માધાપર બંને મંદિરના ૧૧૯માં વાર્ષિક પાટોત્સવ નિમિત્તે અ.નિ. મુરજીભાઈ પ્રેમજી પિંડોરીયા ધ.પ. રતનબાઈના મોક્ષાર્થે તથા શ્રીજી

પ્રસન્નતાર્થે એમના સુપુત્ર શિવજી, ગોવિંદ, નારણ, કાનજી આદિ પરિવાર તરફથી તા. ૪-૬-૧૬ને શનિવારથી તા. ૬-૬-૧૬ને સોમવાર સુધી શ્રીમદ્ ભાગવત્ દશમસ્કંધ ત્રિદિનાત્મક જ્ઞાનયજ્ઞનું આયોજન ભુજ મંદિરના સંતોમાં સ.ગુ. પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીના મંડળના સર્વે સંતોના વરદ્હસ્તે તથા ગામ માધાપર મંદિરની કાર્યવાહી કમીટીના તથા સર્વે સત્સંગી બાઈ-ભાઈઓના સહકારથી યજમાનશ્રીની ઈચ્છાનુસાર વિવિધ આયોજન સાથે સારી રીતે વાર્ષિક પાટોત્સવ જ્ઞાનયજ્ઞ પૂર્ણ કરવામાં આવેલ.

આ પારાયણના વક્તાપદે પુરાણી સ્વામી દેવવિહારીદાસજીએ શ્રીકૃષ્ણ ભગવાનના દિવ્ય મંગલ બાળલીલા ચરિત્રોને ખૂબ જ સારી રીતે વર્ણવી અમૃતપાન કરાવી યજમાનશ્રી તથા સર્વે શ્રોતાજનોને ખૂબ જ રાજી કર્યા હતા. આ કથા પ્રસંગે મંડળના વડીલ સ.ગુ.સ્વામી મુકુંદજીવનદાસજી, પુ. સ્વામી હરિબળદાસજી, શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, શાસ્ત્રી સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી, સ્વામી ધર્મવિહારીદાસજી, સ્વામી મુકુંદમુનિદાસજી આદિ સંત મંડળના સહકારથી ત્રણે દિવસ દરેક પ્રસંગોમાં હાજર રહી ભક્તોને રાજી કરેલ.

આ કથા પ્રસંગે કથાના પહેલા દિવસે રાત્રીના બંને મંદિરમાં સંતોના સાંનિધ્યમાં રાસોત્સવનું સુંદર આયોજન રાખેલ હતું તથા બીજા દિવસે યજમાન પરિવારના પાંચે ઘરે સંતોની પધરામણી કરી સંતોએ પરિવારના સર્વે નાના-મોટા સભ્યોને આશીર્વાદ આપેલ. બીજે દિવસે રાત્રે શ્રીનરનારાયણદેવ યુવક મંડળની રવિવારની સભાનું આયોજન સંતોના સાંનિધ્યમાં યજમાન પરિવરા તરફથી ભાઈના મંદિરના ચોકમાં રાખેલ હતું. ત્રીજે દિવસે શ્રીહરિકૃષ્ણ મહારાજનો વાર્ષિક પાટોત્સવ નિમિત્તે અભિષેક પંચામૃતથી વિધિપૂર્વક કરી સૌ ભક્તોને પ્રસાદનો લાભ મળેલ હતો. ત્યારબાદ બહેનોના મંદિરમાં વાર્ષિક પાટોત્સવની વિધિપૂર્વક આરતી, સ્તુતિ, પ્રાર્થના સાથે સંતો તથા ભક્તની હાજરીમાં કરવામાં આવેલ ને સંતોએ આશીર્વાદ આપી બહેનોને રાજી કરેલ ત્યારબાદ છાબનું સમૈયું બાઈઓના મંદિરમાંથી આવી ગયા બાદ સંતોના આશીર્વાદ તથા યજમાન પરિવારને ભુજ તથા માધાપર મંદિર તરફથી પહેરામણી કરવામાં આવેલ. ત્યારબાદ ઉત્તરવિધિ, પોથીપૂજન તથા વક્તાનું પૂજન કરી ચડાવો કરી જેનો ઊંચો આંક આવેલ એવા યજમાન અ.નિ. મુરજી બાપાના પરિવારને ફરી પહેરામણી કરીને વાર્ષિક પાટોત્સવની તથા અન્નકૂટની સાથે આરતી ઉતારી કથાપારાયણની સમાપ્તિ કરવામાં આવેલ. ત્યારબાદ ઠાકોરજીને પાલખી સાથે બેન્ડપાર્ટી મંડળી સહિત યજમાન અ.નિ. મુરજી બાપાના ઘરે પધરામણી કરવા પધારેલ.

- મંત્રીશ્રી, અરજણભાઈ

---

## શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિર ભુજમાં ઉજવાયો ષષ્ઠ વાર્ષિક મહોત્સવ

તા. ૨૩-૫-૨૦૧૬થી ૨૭-૫-૨૦૧૬ સુધી શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિર, ભુજ મધ્યે મહામહોત્સવ ઉજવાયો હતો. પ્રથમ દિવસથી જાણે ઉત્સવનો માહોલ અદ્ભૂત અને અદ્વિતીય બન્યો હતો. પ્રસાદીની જગ્યા(સુંદરજી સુથારનું ઘર)થી ભવ્ય પોથીયાત્રા નીકળી હતી. પ્રથમ દિવસે સાંજે શ્રીઘનશ્યામ મહારાજનો જન્મોત્સવ ઉજવવામાં આવ્યો હતો. યજમાન પટેલ પરિવાર ધામધૂમથી નાચ્યા હતા. કથાના બીજા દિવસે સાંજે સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ ઉજવાયો હતો. શરૂઆતના બંને દિવસે પ્યારા ઘનશ્યામ મહારાજને ફૂલના વાઘા ધરાવવામાં આવ્યા હતા. કથાના ત્રીજા દિવસે સાંજે દિવ્ય ફૂલડોલનો ઉત્સવ ઉજવાયો હતો. તેમાં ભગવાનને પાલખીમાં ઝુલાવીને સભામંડપમાં લાવ્યા હતા. અને ભગવાનને ફૂલના હિંડોળામાં ઝુલાવ્યા હતા. અને પુષ્પ વૃષ્ટિ કરી હતી. આ દિવસે શ્રીઘનશ્યામ મહારાજને પ્રથમ વાર ચંદનના વાઘા ધરાવવામાં આવ્યા હતા. તે દિવસે રાત્રે યુવા સંમેલન રાખ્યું હતું. જેમાં મોટા પ્રમાણમાં યુવાનોએ લાભ લીધો હતો. પોતાના જીવનમાં ઉપયોગી વાતો સાંભળીને કૃતકૃત્ય થયા હતા. ચોથા દિવસે સાંજે ૧૯૩ વર્ષ પૂર્વે જે મંદિરમાં ભગવાન શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી હતી, તેનો કથા અંતર્ગત મહોત્સવ ઉજવ્યો હતો. ભગવાન શ્રી નરનારાયણદેવ

ઉપર ફૂલની વર્ષા કરવામાં આવી હતી. સંપૂર્ણ વાતાવરણ આહ્‌લાદક બન્યું હતું. તેજ દિવસે રાત્રે મુખ્ય મંદિરે મહારાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સંગીતના સથવારે નંદ પદાવલિના કીર્તનોથી સર્વે હરિભક્તો મન મૂકીને મહારાજને સંભારીને રાસમાં રસતરબોળ થયા હતા. અને અંતિમ દિવસે આચાર્ય મહારાજશ્રીના કરકમલો દ્વારા શ્રીઘનશ્યામ મહારાજનો અભિષેક થયો હતો. અભિષેક બાદ ભગવાનને ૫૬ ભોગનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. કથાના અંતિમ દિવસે પ્રસાદી મંદિરમાં ન ભૂતો ન ભવિષ્યતિ એવા અક્ષરભુવનનું ઉદ્‌ઘાટન થયું હતું. જેમાં ભગવાન શ્રીહરિની પ્રસાદીની વસ્તુઓ મૂકવામાં આવેલ છે. આ અક્ષરભુવન ઉદ્‌ઘાટનના યજમાનપદે ગામ મીરજાપરના હાલે કંપાલાના પરબતભાઈ ભીમજી શિયાણી અને તેમનો પરિવાર રહ્યો હતો. કથાસત્રમાં આચાર્ય મહારાજે તમામ યજમાન પરિવારોને આશીર્વાદ આપ્યા હતા. આ ઉત્સવનું સભાસંચાલન શા. સ્વામી નારાયણમુનિ દાસજીએ સંભાળ્યું હતું. સંપૂર્ણ મહોત્સવના યજમાનપદે ગામ ગોધરાના અ.નિ. વાડીલાલ જેઠાલાલ પરિવાર રહ્યો હતો.

---

## શાળા પ્રવેશોત્સવ - ૨૦૧૬, શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજ

શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, સંસ્કારનગર, ભુજ ખાતે શાળા પ્રવેશોત્સવ-૨૦૧૬ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાત રાજ્યના માન. શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યના શહેરી વિસ્તારોમાં ત્રિદિવસીય કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. જે અંતર્ગત અત્રેની શાળામાં તા. ૧૬-૬-૨૦૧૬ના રોજ પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો. તા. ૧૬-૬-૨૦૧૬ના બપોરે ૧:૦૦ કલાકે આ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. શ્રી સ્વામિનારાયણ કેળવણી મંડળના મંત્રીશ્રી વિનોદભાઈ શિયાણીએ પધારેલ મહેમાનશ્રીઓનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓએ મનુષ્ય ગૌરવગાન ગીત ‘‘મનુષ્ય તૂ બડા મહાન હૈ’’ રજૂ કર્યું હતું. મનુષ્ય ગૌરવગાન બાદ વિદ્યાર્થીઓએ ‘જનની જન્મભૂમિ સ્વર્ગ સે મહાન’ દેશભક્તિની સુંદર રચના પ્રસ્તુત કરી હતી. યોગ પરિચય નિદર્શન પણ કરવામાં આવ્યું હતું. માન. મંત્રીશ્રી દ્વારા અનુ.જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિના ચેક તથા ધોરણ-૯માં વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ કરાવી શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. શૈક્ષણિક સિદ્ધિમાં ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહમાં ૯૯.૪૪ પર્સન્ટાઈલ મેળવનાર વિદ્યાર્થી ચંદન વત્સલ, સામાન્ય પ્રવાહમાં ૯૯.૧૬ પર્સન્ટાઈલ મેળવનાર સુથાર તરૂણ તથા ધો-૧૦માં ૯૮.૫૬ પર્સન્ટાઈલ મેળવનાર વિદ્યાર્થી દેસાઈ ધર્મેન્દ્રનું માન. મંત્રીશ્રી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થી બતા બિપિને પાણી બચાવોનું અમૃત વચન કહી વિદ્યાર્થીઓને સંકલ્પ લેવડાવ્યા હતા. આ શુભ અવસરે રાજ્યના માન. શિક્ષણમંત્રીશ્રીએ શાળાના પરિણામોની સરાહના કરી તથા સરકારશ્રીની વિદ્યાર્થીલક્ષી યોજનાઓની વિસ્તૃત છણાવટ કરી. સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ લેવા ભુજ મતવિસ્તારના માન. ધારાસભ્યશ્રી ડો. નિમાબેન આચાર્યએ અનુરોધ કર્યો હતો. આ અવસરે ડો. સ્વામી સત્યપ્રસાદદાસજીએ વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે સંસ્કાર પ્રાપ્ત કરી જીવનમાં પ્રગતિ કરવાની વાત આશીર્વચનમાં કહી. માન. મંત્રીશ્રી તથા મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. માન. મંત્રીશ્રીએ શાળામાં ધોરણ-૯ના વર્ગની મુલાકાત લીધી. આ શુભ અવસરે માન. મંત્રીશ્રી તથા ધારાસભ્યશ્રી, નગરપાલિકા અધ્યક્ષશ્રી, નગરપાલિકાના સભ્યો, અધિક કલેકટરશ્રી, જિલ્લા શિક્ષણાધિકારી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, વિ.રાજકીય પ્રતિનિધિશ્રીઓ તથા વહિવટી અધિકારીશ્રીઓ અને શ્રી સ્વામિનારાયણ મંદિરના સંતો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે શાળાના આચાર્યશ્રી એમ.એ.સુથાર સાહેબે

આભારવિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન હિતેશભાઈ વ્યાસ તથા શાળાના વિદ્યાર્થી શુકલ વશિષ્ઠ દ્વારા કરવામાં આવ્યું હતું.

- આચાર્યશ્રી

---

**જેઠ સુદ ૧૧ (નિર્જલા) એકાદશીના દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓ**

● પ.ભ. મહંત સાં.યો. રતનબાઈ દેવજી ભુડીયાની પ્રેરણાથી, હ. સાં.યો. નાનબાઈ, લાલજીભાઈ હરજી ભુડીયા(કેરા), ગીતાબેન કાન્તિ ભુડીયા(દહીંસરા), લાલજીભાઈ વેલજી વેકરીયા(કુંદનપર), વિનોદભાઈ લાલજી વેકરીયા(કુંદનપર) સર્વે દેવોના શિખર પરની ધ્વજાના યજમાન ● પ.ભ. બાલાવન્તીબેન જાદવજી હાલાઈ હ. કરસનભાઈ ધનજી ભુવા સર્વે દેવોના શિખર પરની ધ્વજાના યજમાન, મેઘપર હાલે કાર્ડિફ ● સ્વામી કેશવજીવનદાસજીની પ્રેરણાથી કરસનભાઈ નાનજી હીરાણી, ભક્તિનગર ● પ.ભ. મોક્ષભાઈ હિતેશ કેરાઈ, નારાણપર ઓસ્ટ્રેલીયા ● પ.ભ. રામજીભાઈ માવજી ગોંડરીયા સહપરિવાર, મીરજાપર ● પ.ભ. માવજીભાઈ પ્રેમજી ભુડીયા, સુરજપર ● પ.ભ. મહેશભાઈ હીરજી કેરાઈ, કુંદનપર ● પ.ભ. વિનોદભાઈ વીરજી રાઘવાણી, બળદીયા ● પ.ભ. હરજીભાઈ શામજી હીરાણી, વેકરા ● પ.ભ. લાલબાઈ કાનજી હીરાણી, હ. કાનજીભાઈ, રામપર ● પ.ભ. રસિકલાલ કાનજી ઠક્કર, ભુજ ● પ.ભ. ખુશ્બુબેન હીરજી વેલજી વાઘજીયાણી હ. મહંત સાં.યો. વાલબાઈ, નારણપર હાલે નૈરોબી ● પ.ભ. દિશાબેન સુરેશ વાઘજીયાણી, નારણપર હાલે બોલ્ટન ● પ.ભ. ક્રિયાનાબેન સુરેશ વાઘજીયાણી, નારણપર હાલે બોલ્ટન ● પ.ભ. નિત્ય અજીત વાઘજીયાણી, નારણપર ઓસ્ટ્રેલીયા ● પ.ભ. નમનભાઈ અજીત હીરજી વાઘજીયાણી, નારણપર ઓસ્ટ્રેલીયા ● સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી શાન્તાબેન શીવજી ભંડેરી, મીરજાપર ● પ.ભ. વહીની, વિજાની મુકુંદ તથા ધર્મેશ ધનજી હીરાણી, બળદીયા ની.વા. ● પ.ભ. દેવજીભાઈ ધનજી નીશર, ભચાઉ નવાગામ ● પ.ભ. સુરજભાઈ દિનેશ કેરાઈ સહપરિવાર, સુખપર રોહા ● પ.ભ. પ્રવિણ ગોરખમગર, કૌઠડી મહારાષ્ટ્ર હાલે ભુજ ● પ.ભ. અશ્વિનભાઈ કલ્યાણ રાબડીયા, માંડવી ● પ.ભ. મધુસુદન સ્ટીલ સેક્શન લી., અમદાવાદ ● પ.ભ. નારણભાઈ રત્ના કરસન ભુડીયા, ફોટડી ● પ.ભ. શામજીભાઈ શીવજી કેરાઈ, પિયાવા માંડવી ● પ.ભ. પ્રવિણભાઈ શીવજી હીરાણી, ભક્તિનગર ● પ.ભ. ખીમજીભાઈ વિશ્રામ હાલાઈ, કોડકી ● પ.ભ. શાંતાબેન રામજી ગોપાલ દબાસીયા, માનકુવા ● પ.ભ. શાંતાબેન પ્રવિણ હીરાણી, મેઘપર ● પ.ભ. અનુપભાઈ દિનેશ લાલજી ગોરસીયા, માધાપર ● પ.ભ. નિકુલભાઈ શામજી કેરાઈ, કેરા ● પ.ભ. ભૂપેન્દ્રભાઈ હરજી વેકરીયા, બળદીયા ● પ.ભ. મનસુખભાઈ ભીમજી મુરજી હીરાણી, બળદીયા ● પ.ભ. મધુસુદનભાઈ રમણીકભાઈ સોની, અમદાવાદ ● પ.ભ. પરેશભાઈ માવજી વરસાણી સહપરિવાર, સામત્રા ● પ.ભ. અ.નિ. નાથાલાલભાઈ કરસન હાલાઈ, ધ.પ. ધનબાઈ પુત્ર કાંતિલાલ, વિનોદભાઈ, સુરજપર ● પ.ભ. ચેતનભાઈ હરજી હાલાઈ, કોડકી હાલે ભુજ ● પ.ભ. રાજેશભાઈ હરજી હાલાઈ, કોડકી હાલે ભુજ ● પ.ભ. દેવજીભાઈ કુંવરજી હીરાણી, સુરજપર ● પ.ભ. કેશરબેન હરજી રવજી વેકરીયા, નારણપર ● પ.ભ. લાલજીભાઈ કરસન પિંડોરીયા, ધ.પ. શાંતાબેન, નારણપર ● પ.ભ. શીલાબેન મનસુખલાલ હીરાણી, સુરજપર ● પ.ભ. રવિલાલ દેવશી કેરાઈ, કેરા હાલે નૈરોબી ● પ.ભ. રામજીભાઈ પ્રેમજી ભુડીયા, માનકુવા ● પ.ભ. લક્ષ્મીબેન મનસુખના ઘેર પુત્રજન્મ નિમિત્તે, સુખપર ● પ.ભ. કરસનભાઈ નારણ પિંડોરીયા, માધાપર ● સાં.યો. નાનબાઈ કરસન (કેરા)ની પ્રેરણાથી અ.નિ. નારણભાઈ લક્ષ્મણ હીરાણી હ. અનિષ નારણ હીરાણી, નારણપર ઓસ્ટ્રેલીયા ● પ.ભ. જયેશભાઈ શામજી વરસાણી, માધાપર ● પ.ભ. નવીનભાઈ હીરજી રાબડીયા, ધ.પ. રસીલાબેન પુત્રી અંજની હ. ગોવિંદભાઈ, સરલી હાલે નૈરોબી ● પ.ભ. દેવ કલ્યાણ રાબડીયા, બળદીયા ● પ.ભ. પ્રેમ કલ્યાણ રાબડીયા, બળદીયા ● પ.ભ. કુ. મયુરીબેન પ્રેમજી હીરાણી, હ.

પ્રેમજી લાલજી હીરાણી, રામપર વુલ્વીચ ● પ.ભ. અરવિંદભાઈ તથા યોગેશ ભુડીયા, ભક્તિનગર ● પ.ભ. રતનબાઈ નાનજી વેકરીયા, બળદીયા ● પ.ભ. રવિલાલ લક્ષ્મણ હાલાઈ, કોડકી ● પ.ભ. ચિંતનભાઈ કલ્યાણ તથા નિરાલી કલ્યાણ હીરાણી, સુખપર રોહા ● પ.ભ. મનિષાબેન જયેશ હીરાણી, સુરજપર ● પ.ભ. રામબાઈ વિશ્રામ હીરાણી, સુરજપર ● પ.ભ. કેશરબેન શીવજી હીરાણી, સુરજપર ● પ.ભ. સ્મૃતિબેન, મુક્તિ જયેશ હીરાણી, સુરજપર ● મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી પ્રવિત્રી વિનોદ વરસાણી, સામત્રા ● પ.ભ. નીતિનભાઈ માવજી હીરાણી, મદનપુર લંડન ● પ.ભ. અરવિંદભાઈના ઘેર પુત્રી જન્મનિમિત્તે, મદનપુર લંડન ● પ.ભ. ઋષિભાઈ કલ્યાણ રાબડીયા, માંડવી ● પ.ભ. જેન્તીભાઈ કાનજી વરસાણી, સુખપર ● પ.ભ. કાન્તીભાઈ દેવશી હીરાણી, કોડકી ● પ.ભ. શાન્તાબેન ભીખાલાલ શીયાણી, મીરજાપર ● પ.ભ. વાસુભાઈ વિનોદકુમાર કંચનલાલ પટેલ હ. સ્વામી સંતજીવનદાસજી, દાહોદ ગોધરા ● પ.ભ. મહેન્દ્રભાઈ જંયતિલાલ પટેલ હ. સ્વામી સંતજીવનદાસજી, દાહોદ ગોધરા ● પ.ભ. મુરજીભાઈ કાનજી હીરાણી, માનકુવા ● પ.ભ. ગોવિંદભાઈ કરસન વેકરીયા, વાડાસર ● પ.ભ. અરવિંદભાઈ કુંવરજી રાબડીયા, વાડાસર ● પ.ભ. સવિતાબેન પ્રવિણ ગોરસીયા, મદનપુર ● પ.ભ. કાનજીભાઈ દેવશી ભુડીયા, ફોટડી ● પ.ભ. કુંવરબેન કાનજી ભુડીયા, ફોટડી ● પુ. સ્વામી કેશવપ્રસાદદાસજીની પ્રેરણાથી નૈતિકભાઈ રમેશભાઈ ખેતાણી, ફોટડી ● પુ. સ્વામી કેશવપ્રસાદદાસજીની પ્રેરણાથી હેમાંગભાઈ રમેશભાઈ ખેતાણી, ફોટડી ● પ.ભ. હરજીભાઈ જાદવા વરસાણી સહપરિવાર, સામત્રા ● પ.ભ. શાંતિલાલભાઈ કેશરા ભંડેરી, રામપર વેકરા ● પ.ભ. પ્રિન્સી વિનોદ મેપાણી, સુખપર ● સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી શીયાબેન જયેશ ભંડેરી, મદનપુર ● પ.ભ. કેશરાભાઈ ધનજી હીરાણી, સુખપર ● પ.ભ. વિરેનભાઈ હરજી વેકરીયા, બળદીયા ● પ.ભ. નરેશભાઈ હરજી વેકરીયા, બળદીયા ● પ.ભ. મહેશભાઈ ગોપાલભાઈ ભુડીયા, સુખપર ● પ.ભ. લાલજીભાઈ શીવજી પટેલ, સુખપર ● પ.ભ. ધીરજભાઈ જગદીશ શીયાણી, કોડકી ● પ.ભ. નીતિનભાઈ જાદવા પિંડોરીયા, નારણપર ઉ.વા. ● પ.ભ. કપિલભાઈ જાદવા પિંડોરીયા, નારણપર ઉ.વા. ● પ.ભ. શાન્તાબેન રામજી ગોરસીયા, સુખપર ● પ.ભ. નારણભાઈ કાનજી પિંડોરીયા, માંડવી હાલે નૈરોબી ● પ.ભ. રવિલાલ લાલજી વેકરીયા, બળદીયા ● પ.ભ. અરજણભાઈ લાલજી કેરાઈ, માંડવી ● પ.ભ. પ્રાપ્તિબેન નરેશ કાન્તિ હીરાણી, મેઘપર હાલે લંડન ● પ.ભ. સુનિલભાઈ હીરજી વેકરીયા, સુખપર ● પ.ભ. અલ્કાબેન રાજેશ આસાણી, વેકરા ● પ.ભ. હરીશભાઈ હીરજી ભંડેરી, રામપર ● પ.ભ. વર્ષાબેન લાલજી હાલાઈ, કોડકી ● પ.ભ. દેવબાઈ રામજી હાલાઈ, કોડકી ● સ્વામી શ્રીહરિદાસજીની પ્રેરણાથી પ્રેમજીભાઈ લખમણ રાબડીયા, માંડવી ભારાપર ● પ.ભ. નરેન્દ્રભાઈ દિનેશભાઈ ગોર, ધ.પ. કિંજલબેન, પુત્રી પ્રિયાન્સી, નારણપર ● મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી, રૂપજીભાઈ સવજીભાઈ રાવડીયા, લખપત નવાગામ ● પ.ભ. અ.નિ. ધનજીભાઈ જાદવા વરસાણી, હ. ધ.પ. રામબાઈ, બળદીયા ● પ.ભ. મનસુખભાઈ મંગલદાસ શનિશ્વરા પરિવાર, ભુજ ● પ.ભ. કલ્યાણભાઈ કેશરા ઠાકરાણી, બળદીયા ● પ.ભ. મંજુલાબેન મહેશભાઈ છભાડીયા, માંડવી ● પ.ભ. કરસનભાઈ વાલજી વાઘજીયાણી હ. લખીબાઈ કરસન વાગજીયાણી પરિવાર, સુખપર ● મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી, વેલીબાઈ શીવજી ભુવા, સુખપર ● પ.ભ. મુરજીભાઈ મેઘજી જેસાણી, ધ.પ. કાન્તાબેન, દહીસરા ● પ.ભ. વાલજીભાઈ શીવજી રૂપાલીયા ધ.પ. કાન્તાબેન, સુખપર ● પ.ભ. શામબાઈ માવજી રાબડીયા, માંડવી ● પ.ભ. ભાવેશભાઈ વિનોદ હીરાણી (જન્મદિવસ પ્રસંગે), હ. સ્વામી ધર્મપ્રિયદાસજી, સુખપર ● પ.ભ. અરવિંદભાઈ નાનજી હાલાઈ, માંડવી ભારાપર ● પ.ભ. ધનજીભાઈ હરજી વેકરીયા, વાડાસર ● પ.ભ. ધનસુખભાઈ શીવજી ભંડેરી,

ભક્તિનગર ● પ.ભ. વિશાલભાઈ ધનજી ગોરસીયા, સુખપર ● પ.ભ. નયનાબેન રાજેશ ભુડીયા, માધાપર ● પ.ભ. શીવજીભાઈ દેવજી હીરાણી, ગોધરા ● પ.ભ. કિશોરભાઈ કુંવરજી રાબડીયા હ. સ્વામી સંતજીવનદાસજી, સરલી ● પ.ભ. લક્ષ્મણભાઈ કરસન વોરા હ. સાં.યો. નીતાબેન, કેરા ● પ.ભ. કેશરાભાઈ જાદવા ભુડીયા ધ.પ. ધનબાઈ સહપરિવાર હ. સાં.યો. નીતાબેન, વેકરા ● પ.ભ. રાધાબાઈ વેલજી રૂડા હ. સાં.યો. નાનબાઈ, માનકુવા ● પ.ભ. કિંજલબેન નવીનભાઈ સોમપુરા, ભુજ ● પ.ભ. મનજીભાઈ હીરજી વેકરીયા હ. લાલજી શીવજી રૂપાલીયા, બળદીયા ● પ.ભ. પુજાબેન મુરજી નાથાણી, બળદીયા ન્યુઝીલેન્ડ ● પ.ભ. હરેશભાઈ ગોવિંદ કેશરા હાલાઈ (સાકાર ફર્નિચર), મેઘપર હાલે ભુજ ● પ.ભ. ધનબાઈ જાદવજી મેપાણી હ. વેલજી નાનજી વેકરીયા, મદનપુર ● પ.ભ. લાલજીભાઈ રામજી નાકરાણી, આમારા ● પ.ભ. કલ્પેશભાઈ મહેન્દ્રભાઈ ઠક્કર, ભુજ ● પ.ભ. રામબાઈ દેવશી પિંડોરીયા, સુરજપર ● પ.ભ. મનજીભાઈ વાલજી વરસાણી, બળદીયા ● પ.ભ. સતિષભાઈ દેવશી હીરાણી, સુરજપર ● પ.ભ. કુ. પુજાબેન અરવિંદભાઈ, ભુજ ● પ.ભ. રમેશભાઈ નારણ ભુડીયા, સુખપર ● પ.ભ. દેવજીભાઈ માવજી મેપાણી, મદનપુર ● પ.ભ. શીવજીભાઈ દેવજી હીરાણી, માંડવી ● પ.ભ. ધનજીભાઈ વાલજી ભુડીયા, ફોટડી ● પ.ભ. પ્રેમબાઈ નારણ વેલજી શીયાણી હ. સાં.યો. નીતાબેન, ભક્તિનગર ● પ.ભ. નારણભાઈ વેલજી શીયાણી હ. સાં.યો. નીતાબેન, ભક્તિનગર ● પ.ભ. ધનબાઈ કાનજી ભુડીયા હ. સાં.યો. નીતાબેન, ભક્તિનગર ● સાં.યો. નાનબાઈ કરસનની પ્રેરણાથી પ્રિતેશ માવજી વેકરીયા હ. માતુશ્રી ગં.સ્વ. ધનબાઈ, કેરા ● પ.ભ. વાલબાઈ ભીમજી ભુડીયા, ભક્તિનગર ● પ.ભ. મુરજીભાઈ કરસન રૂપાલીયા, ધ.પ. કેશરબેન, મદનપુર ● પ.ભ. ખીલનાબેન નારણ મેપાણી, સુરજપર ● પ.ભ. પ્રિતેશભાઈ વાલજી વેકરીયા, નારણપર

---

## શ્રી નરનારાયણદેવને રસોડું અર્પણ કરનાર યજમાનશ્રીઓ


પ.ભ. રત્નાભાઈ દેવરાજ હીરાણી, ભક્તિનગર ● પ.ભ. અ.નિ. ગોવિંદભાઈ જેઠાભાઈ કેરાઈ હ. રાધાબાઈ ગોવિંદ તથા કાનજી ગોવિંદ કેરાઈ સહપરિવાર, મદનપુર ● પ.ભ. અ.નિ. ધનજીભાઈ દેવજી રાબડીયા હ. રામબાઈ ધનજી રાબડીયા ● પ.ભ. લાલબાઈ રામજી વેલાણી, ભક્તિનગર ● પ.ભ. અ.નિ. વાલબાઈ અરજણ હીરાણી હ. હરજી અરજણ હીરાણી, કોડકી ભવાનીપુર ● પ.ભ. માવજીભાઈ નારણભાઈ ગાજપરીયા, રાધાબાઈ માવજી ● પ.ભ. અ.નિ. દેવજીભાઈ ભીમજી વેકરીયા, માનબાઈ દેવજી, રામજી દેવજી, શાંતાબેન સહપરિવાર, રામપર ● પ.ભ. રંજનબેન લાલજી ગાજપરીયા હ. સાં.યો. નાનબાઈ(કેરા), દહીંસરા હાલે બોલ્ટન ● પ.ભ. અ.નિ.ગોપાલભાઈ માવજીભાઈ રાબડીયા, હ. કરસનભાઈ શીવજી રાઘવાણી ● પ.ભ. નારણભાઈ કાનજી શીયાણી, સુખપર ● પ.ભ. નનીતાબેન શીવજી ધનાણી, મીરજાપર ● પ.ભ. અ.નિ. વેલજીભાઈ નાનજી વાઘાણી, સુખપર ● પ.ભ. અ.નિ. મુરજીભાઈ વેલજી વાગડીયા સહપરિવાર, અ.નિ. અમરબાઈ મુરજી હ. લાલજી તથા દેવશી, સુખપર

---

## નવનિર્માણાધિન
## શ્રી સ્વામિનારાયણ મંદિર, મુન્દ્રા

ભુજ મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી મુન્દ્રા મંદિરમાં બોરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેના યજમાનપદે ગામ કેરાના સાં.યો. રતનબાઈ દેવજી ભુડીયા તથા સમસ્ત સાં.યો. બહેનો તથા નારણપર(નીચલોવાસ)ના સાં.યો. શામબાઈ રામજી કેરાઈ આદિ સાં.યો. બહેનો તરફથી બોરની સેવા પ્રાપ્ત થઈ હતી.

- પ્રમુખ, અરજણ પરબત મેપાણી, કેરા



**દશાબ્દી મહોત્સવ - સ્ટેનમોર યુ.કે.**

શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટેનમોર (લંડન)માં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજ તેમજ સર્વે દેવોના દશમાં વાર્ષિક પાટોત્સવને ખૂબ ધામધૂમથી દિવ્યતા અને ભવ્યતાથી ઉજવવા માટે કાર્યવાહક કમીટી તેમજ સર્વે હરિભક્તોએ સાથે મળી ''દશાબ્દી મહોત્સવ'' ઉજવવાનું નક્કી કર્યું.

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામીના રૂડા આશીર્વાદસહ સંતો લંડન સ્ટેનમોર મંદિરે પધાર્યા અને સર્વે હરિભક્તોએ સંતોનું સ્વાગત સન્માન ભાવથી કર્યું.

રવિવાર તા. ૨૯-૫-૧૬ના રોજ ભવ્ય પોથીયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સોમવાર તા. ૩૦-૫-૧૬ ના રોજ શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ, યુ.કે. ના સર્વે યુવાનો માટે એક દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું જેનું સંપૂર્ણ સંચાલન શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી તથા સ્વામી રામકૃષ્ણદાસજીએ કર્યું હતું. જેમાં ભગવાન શ્રીહરિના ૬ કમળ ઉપર સવિસ્તૃત વાતો કરી યુવાનોને ખૂબ ધ્યાનમગ્ન બનાવ્યા હતા. મહંત સ્વામીના આશીર્વાદ સાથે શિબિર પૂર્ણ કરવામાં આવી હતી.

તા. ૩૦-૫-૧૬ના બપોર પછી ૬ વાગ્યે શ્રીમદ્ હરિલીલામૃત કળશની કથાનું રસપાન વક્તાશ્રીએ કરાવ્યું હતું. જેમાં સ.ગુ. સ્વામી શાંતિપ્રિયદાસજીએ મંગળ ઉદ્‌બોધન અને આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૧-૬-૧૬ના રોજ દશાબ્દી મહોત્સવમાં પ.પૂ. ધ.ધૂ. ૧૦૦૮ શ્રીનરનારાયણદેવ પીઠાધિપતિશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ પધાર્યા અને સર્વે હરિભક્તોને દર્શન અને આશીર્વાદ આપી ધન્ય કર્યા અને મહારાજશ્રી તેમજ સર્વે સંતો ભક્તો સાથે મળી શ્રીઠાકોરજીનો કથા અંતર્ગત આવતો ગાદિઅભિષેક પુષ્પવૃષ્ટિથી કર્યો હતો. અને ભક્ત ખૂબ ભાવ વિભોર બન્યા હતા.

તા. ૨-૬-૧૬ના રોજ શ્રી ઘનશ્યામ મહારાજનો પટ્ટાભિષેક કરવામાં આવ્યો હતો. પંચામૃત અભિષેક પ.પૂ. લાલજી મહારાજના વરદ્‌હસ્તે કરવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં હરિભક્તો હાજર રહ્યા હતા. આ દશાબ્દી મહોત્સવમાં લંડનના મુખ્ય મંદિરો વિલ્સડન, કેન્ટન હેરો, ઈસ્ટલંડન, વુલવીચ, કાર્ડિફ, ઓલ્ડહામ,બોલ્ટન મંદિરના હરિભક્તો હાજર રહી આ ઉત્સવમાં ઉત્સાહ વધાર્યો હતો.

તા. ૪-૬-૧૬ના રોજ લંડન જેવી ધરતીમાં પહેલાં ક્યારે ન ઉજવાયો હોય તેવો ઉત્સવ ઉજવાયો તે હતો રંગોત્સવ. સ્ટેનમોર મંદિરના ઉત્સાહી યુવાન હરિભક્તોના હૈયામાં અનેરો આનંદ હતો. આ રંગઉત્સવ ઉજવવામાં કચ્છથી સુંદર કચ્છી કેડીયું અને કચ્છી પાઘ(ધાતલી) તૈયાર કરવામાં આવી હતી. જે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તેમજ પૂ. લાલજી મહારાજે ધારણ કરી સૌના મન મોહી લીધા હતા. કથા વિરામ પછી મોટા મેદાનમાં ઊંચા મંચ ઉપર મહારાજશ્રી, લાલજી મહારાજ, સંતો, યજમાનશ્રીઓ હાથમાં પિચકારી લઈ રંગબેરંગી કલર ભરી ઉત્સાહથી ઉત્સવ કર્યો હતો. લંડનવાસી સૌ ભક્તો ખૂબ રાજી થયા હતા અને સત્સંગના રંગે ખૂબ રંગાયા હતા. રંગઉત્સવ રંગચંગે પૂર્ણ થયા પછી બપોરના ૩ વાગે શ્રીઘનશ્યામ મહારાજનો રાજોપચાર પૂજનવિધિ રાખવામાં આવ્યો હતો. જેમાં ઠાકોરજીની સંપૂર્ણ રાજવૈભવથી પૂજા કરવામાં આવી, વસ્ત્રો, ઘરેણાં, વાધ્યો, સંગીત, શાસ્ત્રો, પુરાણો, નૃત્ય, રત્ન મુદ્રાઓ વગેરેથી ભગવાનની સેવા કરવામાં આવી હતી અને છેલ્લે પુષ્પવૃષ્ટિના દર્શન તો અલૌકિક હતા. સંતો ભક્તોએ આખી મૂર્તિને પુષ્પોથી ઢાંકી દીધી હતી. ત્યારપછી ઠાકોરજીના સ્વરૂપોને પાલખીમાં પધરાવીને વનવિહાર કરવા લઈ ગયા હતા.

સ્ટેનમોર મંદિરનું વિશાળ મેદાન અને વનરાઈથી ઘેરાયેલું છે ત્યાં ફરીએ તો વૃંદાવનનો આભાસ કરાવાવે તેવી ગલીઓ બનાવવામાં આવી છે. જ્યાંથી ઠાકોરજીની પાલખી આગળને આગળ વધતી જતી હતી. સંતો ભક્તો ધૂન, નૃત્યો કરતા ઠાકોરજીને પાલખીમાં ઝુલાવતા ઝુલાવતા જંગલો, નદીઓ ઓળંગી સમય પ્રમાણે નૈવેધ્ય અને શ્રીફળ અર્પણ કરતાં કરતાં મોટા મેદાનમાં આવ્યા ત્યારે સંતો, ભક્તોનો વિશાળ રાસ જામ્યો હતો. બહેનો પણ આજ રીતે પાલખી ઉપાડી ઠાકોરજીને લાડ લડાવ્યા હતા. ખૂબ આનંદમય વાતાવરણ બન્યું હતું. લંડનવાસી સૌ ભક્તો ભક્તિના સાગરમાં ડૂબ્યા હતા. વિશેષમાં રાત્રે કથાનો આનંદ લેવા મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. સંગીત સંધ્યામાં સ્વામી શ્રીજીનંદનદાસજી અને સ્વામી નિર્ભયચરણદાસજી તેમજ સ્ટેનમોરના યુવાનોએ સૌને મંત્રમૃગ્ધ કર્યા હતા. રાસોત્સવ પણ એવો જ ભવ્ય અને દિવ્ય હતો.

તા. ૫-૬-૧૬ના રોજ કથાની પૂર્ણાહુતિમાં યજમાનશ્રીઓના સન્માન સભાસંચાલક શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ પોતાની આગવી ભાષા અને લાવણ્યમય શૈલીમાં કર્યા હતા. મંદિરના પ્રમુખશ્રી ખીમજીભાઈ ખેતાણીએ સૌ કોઈનો આભાર વ્યક્ત કર્યો હતો. આ ઉત્સવને શોભાવા અને હરિભક્તોને રાજી કરવા ભુજ મંદિરેથી ૧૬ સંતોએ અખંડ હાજરી આપી સમૈયાને ખૂબ શોભાવ્યો હતો. મોટા સંતોના રૂડા આશીર્વાદ પ્રાપ્ત થયા હતા અને સૌ ભક્તો દશાબ્દી મહોત્સવની મનભરીને પ્રશંસા કરી હતી. -પુરાણી સ્વામી ઉત્તમચરણદાસજી

# સાધુના વચને નિયમ રાખ્યું




શા. સ્વામી સંતસ્વરૂપદાસજી

બાલ મિત્રો, જય શ્રી સ્વામિનારાયણ. અષાઢ સુદ ૧૧ દેવશયની એકાદશી થી કારતક સુદ ૧૧ પ્રબોધની એકાદશી સુધીના ચાર મહિનાને ચાતુર્માસ કહેવામાં આવે છે. ચાતુર્માસના ચાર મહિના એટલે ચોમાસાના મહિના, વરસાદનો સમય. વારસાદ આવે એટલે ખેડૂતને તો આનંદ, આનંદ થઇ જાય અને બાળકોને નાવાની મજા પડી જાય, ધરતી હરયાણી થઇ જાય. ગાયોને ઘાસ મળી જાય. ભગવાન જો આપણી આટલી સંભાળ લેતા હોય તો આપણે પણ ભગવાનને રાજી કરવા જોઇએ. અને એ માટે ચાતુર્માસમાં વિશેષ નિયમ લેવાં જોઇએ. સંતોના વચને નિયમ લેવાથી આલોક અને પરલોકમાં સુખીયા થઇ જઇએ. એ વિશે સાંભળીયે એક સાધુના વચને નિયમ લેનાર ગરીબ માણસની વાર્તા.

રામપરા કરીને એક નાનું ગામ. એ ગામમાં કોઇ પરમારથી સાધુ પધાર્યા. ગામના લોકોએ સન્માન કર્યું, ભોજન કરાવ્યું અને રાત્રે સત્સંગ સભા પણ થઇ ધર્મપ્રેમી જનો સભામાં આવ્યા. સભાને અંતે સાધુ લોકોને નિયમ આપવા લાગ્યા. ભકતોએ શ્રદ્ધા પ્રમાણે નિયમો લીધા. તેમાં એક ગરીબ માણસ આવ્યો. સાધુએ કહ્યું, 'ભાઇ ! તમે શું નિયમ લેશો ?' ત્યારે તે માણસે કહ્યું, 'સાધુ મહારાજ! અમે તો રહ્યા ગરીબ માણસ લોકોના ખેતરમાં રાત-દિવસ કામ કરીએ ત્યારે માંડ બે ટેમ જમવા મડે. તેમાં આ તમારા નિયમો કેમ પાળી શકીએ' તો પણ સાધુ એ આગ્રહથી કહ્યું, ત્યારે તે માણસે હા કહી. સાધુએ નિયમ આપતા કહ્યું કે, 'તારા ઘરની સામે કુંભાર ભગત રહે છે. તેની દાઢી જોઇને અન્ન જળ લેવું તે વિના ન લેવું આવું નિયમ રાખ' આવું નિયન સાંભળી તે માણસ તો ખુશ થઇ ગયો. વાહ, મહારાજ! તમે તો મારાથી સહેજે થઇ શકે એવો જ નિયમ આપ્યો છે. હું આ નિયમ તમારો ચોક્કશ પાળીશ. એમ કહી પોતાને ઘેર ગયો. અને સાધુ પણ પોતાને માર્ગે ચાલતા થયા. પેલો ગરીબ માણસ નિયમ પ્રમાણે સવારે ઉઠી કુંભારની દાઢી જોઇ અન્ન-જળ લે. આમ કરતા કેટલા દિવસો વિતી ગયા.

એક દિવસ પેલા માણસને જાગવામાં મોડું થયું. નાહીને ઉતાવળે જમવા બેઠો ત્યાં તેમનાં પત્નીએ કહ્યું, 'તમારે કુંભારની દાઢી જોવાનું નિયમ છે માટે પેલા દાઢી જોઇ આવો પછી જમવા મળે' એ તો કુંભારના ઘર તરફ દોડ્યો. પણ કુંભાર ઘરમાં નહિ. ઘરના લોકોએ કહ્યું, 'એ તો વહેલા માટી ખોદવા ભાગોળે નીકળી ગયેલા છે' પેલા માણસે ભાગોળ તરફ દોટ મુકી. તે કુંભારને શોધતાં શોધતાં જયાં કુંભાર માટી ખોદતો હતો ત્યાં નજીક જઇ પહોંચ્યો.

ત્યાં ઘટના એવી બનેલી કે કુંભારને માટી ખોદતાં ખોદતાં ચાંદીના સિક્કાનો ભરેલો ચરૂ મળેલો હતો તેથી તે બહાર કોઇ જોતું નથીને ? એ જોવા મોઢું બહાર કાઢીને જોતો હતો. તેવામાં પેલા ગરીબ માણસની નજર તેમની દાઢી પર પડી ને બોલ્યો દીઠી, દીઠી, દીઠી, એટલે પેલો કુંભારને થયું કે એ રૂપીયાનો ચરુ દીઠો એમ કહે છે તેથી કુંભારે તેને પાસે બોલાવ્યો અને કહ્યું, 'તારો મારો અડધો અડધો ભાગ તારે આ વાત કોઇને કહેવી નહીં' પેલો માણસ કહે હું કોઇને નહિ કહું. તું તારે ફાવે તેમ કર. એમ કહી પોતાને ઘેર ગયો ને ભોજન કર્યું. ત્યાં પેલો કુંભાર આવી બે હજાર રૂપીયાની થેલી આપી ને કહ્યું, 'ભાઇ! કોઇને વાત કહીશ નહિ' એમ કહી કુંભાર પોતાને ઘેર ગયો. ગરીબ માણસે વિચાર્યું કે મેં સાધુના વચને એક નિયમ રાખ્યો તેનું આ ફળ છે જો સાચા ભાવથી સાધુના વચને ભગવાનને ભજવાનો નિયમ રાખું તો કોઇ કસર રહેશે નહિ. આલોકની સાથે પરલોકનું પણ કામ થઇ જશે. એમ વિચારી પોતે ભગવાન ભજવા લાગ્યો. ને બીજાને પણ ભજાવવા લાગ્યો.

બાળ ભકતો, આપણે પણ સંતોના વચને ચાતુર્માસમાં વિશેષ નિયમ અવશ્ય લેવો જોઇએ.

## : ચાતુર્માસમાં લેવાના વિશેષ નિયમો :

બાળમિત્ર. અષાઢ સુદ ૧૧થી ચાતુર્માસનો પ્રરંભ થાય છે. નિયમ લેવાનું ભુલતા નહિ. કોઇ પણ એક,બે નિયમ જરુર લેવાં શિક્ષાપત્રીમાં કહેલા આઠ નિયમો અને વિશેષમાં આ પણ નિયમો લઇ શકાય. ચાતુર્માસ કોરો ન જવા દેવો.

૧. મંદિરમાં રોજ ૬ દંડવત્ અને ૧૧ પ્રદિક્ષણા કરવી.
૨. દરરોજ આરતીમાં અને શ્રી ઘનશ્યામ બાલ મંડળની સભામાં જવું.
૩. દરરોજ પૂજા કરવી- ૫ માળા કરવી- એક કીર્તન બોલવું.
૪. સ્વામિનારાયણ વાંચનમાળાની એક વાર્તા વાંચવી.
૫. બજારનું કંઇ પણ ખાવું પીવું નહિ.
૬. રાત્રે સૂતી વખતે ઘનશ્યામમહારાજનાં ૧૦ નામો યાદ કરવા.
૭. ટી.વી.માં કોઇ પણ ફિલ્મ જોવી નહિ.
૮. એકાદશી કે પૂનમના ભુજ દર્શન કરવા જવું.
૯. એકાદશીના ઉપવાસ કે એકટાણું કરવું.
૧૦. ઘરમાં દરેક સભ્યને જય સ્વામિનારાયણ કહેવા.

# -: જ્ઞાનસરિતા :-

## -: જ્ઞાનમાળા:-

૧. શિક્ષાપત્રીમાં ચાતુર્માસમાં લેવાના નિયમો કયા બે શ્લોકમાં આવે છે?
(અ) ૭૨,૭૧ (બ) ૮૮,૮૯
(ક) ૭૭,૭૮ (ડ) ૮૧,૮૨

૨. શ્રી સ્વામિનારાયણ ભગવાન વડતાલમાં હિંડોળે ઝુલ્યા હતા, તે હિંડોળો કોણ બનાવ્યો હતો?
(૧) મુકતાનંદ સ્વામી (૨) બ્રહ્માનંદ સ્વામી
(૩) પ્રેમાનંદ સ્વામી (૪) નિષ્કુળાનંદ સ્વામી

૩. શ્રી સ્વામિનારાયણ ભગવાન ભુજમાં કોના ઘરે હિંડોળે ઝુલ્યા હતા?
(અ)સુદરજી સુથાર (બ) ગંગારામ મલ્લ
(ક) ભગવાનજી ભાઇ (ડ) લાધીબાને ઘેર

૪. ઝુલે શ્યામ ઝુલાવે રાધા પ્યારી, આ કીર્તન કોણે બનાવ્યું છે?
(અ) રઘુવીરજી મહારાજ (બ) નીષ્કુળાનંદ સ્વામી
(ક) નારાયણ દાસ (ડ) વિહારીલાલજી મહારાજ

૫. ભારતના પ્રસિધ્ધ ચાર સરોવરના નામ આપો?
(અ) માન , પંપા, હમીર, હરિ
(બ) પંપા, દેવ, બિંદુ, માન
(ક) માન, બિન્દુ, નારાયણ, પંપા
(ડ) બિન્દુ, હમીર, દેવ, નારાયણ

૬. ભુજ મંદિરના ત્રીજા મહંત સ.ગુ. સ્વામી કૃષ્ણચરણદાસજી કયા ગામના હતા ?
(અ) લીમડી (બ) લાખેલી
(ક) બળદીયા (ડ) લાડવી

૭. શ્રીજીમહારાજ પાસે ઘડાનું પાણી પ્રસાદીનું કરવાનાર રામબાઇ કયા ગામના હતા?
(અ) કઠલાલ (બ) મેથાણ
(ક) જેતલપુર (ડ) મછીયાવ

૮. અયોધ્યા નગરી હિન્દુસ્તાનના કયા રાજયમાં આવેલ છે?
(અ) રાજસ્થાન (બ) ઉત્તરપ્રદેશ
(ક) મહારાષ્ટ્ર (ડ) મધ્યપ્રદેશ

૯. શ્રીમદ્ ભગવાત પુરાણની રચના કોણે કરી છે?
(અ) સુતજી (બ) શુકદેવજી
(ક) મહાદેવજી (ડ) વેદવ્યાસજી

૧૦. હું હરિનો હરિ છે મમ રક્ષક, આ પાદની કડી કયા ગ્રંથમાં આવે છે ?
(અ) ભક્તચિંતામણિ (બ) નીષ્કુળાનંદ કાવ્ય
(ક) શ્રીહરિચરિત્રામૃત (ડ) શ્રી હરિલીલામૃત

નોંધ :- બાલ મિત્રો, જ્ઞાનસરિતામાં આપેલ જ્ઞાનમાળા,કોયડો. વગેરેના ઉત્તરો સારા અક્ષરે લખી. સારા અક્ષરે સરનામું લખી. શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ અથવા કચ્છશ્રી નરનારાયણ દેવ યુવક મંડળ કાર્યાલયમાં આપવું. ભાગ લેશે શ્રીઘનશ્યામ બાલ-બાલિકા મંડળના બાળકો. સતત છ મહિના સુધી સાચા જવાબ આપનાર બાળકને ઇનામ આપી સન્માન કરવામાં આવશે. જ્ઞાનમાળામાં આપેલ પ્રશ્ન વગેરેના ઉત્તરો આ પેજમાં કે આજ પેજની કોપી કરીને મોકલવા.
આ માટે ખાસ શ્રી સ્વામિનારાયણ ધર્મ સંદેશના ગ્રાહક બનો.

# -: શબ્દ રચના :-

**આડી ચાવી**


૧.તપયજ્ઞનું વિશિષ્ટ પર્વ.૪
૩.જે દિવસે અન્ન ખાવાથી પાપ લાગે.૪
૫.શ્રીકૃષ્ણએ કાલીનાગને......
દ્વીપમાં જવાનું કહ્યું.૪
૬.શ્રી રામનું કુળ.૪
૮.મગમાંથી બનાવવામાં આવતું એક મિષ્ટાન
૧૦. ધર્મપરિવાર,ધર્મકુળ-૪
૧૧.એકાદશીના દિવસે કરાતું વ્રત.૪
૧૫.ધૂળેટીનો દિવસ એટલે.૪
૧૬.શ્રીકૃષ્ણ ભગવાનનાં પત્ની.૪
૧૭.ફ્રેશફ્રુટ,નવાફળો-૪
૧૮.ઇચ્છારામભાઇના પુત્ર.૪
૧૯.કાર્યની પૂર્ણાહુતિ,સમાપ્ત-૪

**ઉભી ચાવી**

૧.રાજોપચારનો એક ઉપચાર.૩
૨.ભોડો,સેલું-૩
૩.તિથિ.૩
૪.અક્ષરધામનું તેજ.૩
૭.સો કૌરવોનું કુળ.૪
૯.વિઘ્નહરતા દેવ.૪
૧૦.મહારાજશ્રીને અપાતી ઉપમા.૬
૧૨.સંપ્રદાયનું એક શાસ્ત્ર.૬
૧૩.અધર્મનો નાશ કરવા ભગવાન લે છે.૪
૧૪.શ્રીકૃષ્ણનું જન્મ સ્થાન.૪

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | 卐 | 卐 | ૩ | | | ૪ |
| | 卐 | 卐 | ૫ | | | | 卐 | 卐 | |
| ૬ | | ૭ | | | | ૮ | ૯ | | |
| 卐 | 卐 | | 卐 | | | 卐 | | 卐 | 卐 |
| ૧૦ | | | | | | ૧૧ | | | ૧૨ |
| | 卐 | | 卐 | | | 卐 | | 卐 | |
| | 卐 | 卐 | ૧૩ | | | ૧૪ | 卐 | 卐 | |
| ૧૫ | | | | | | ૧૬ | | | |
| | 卐 | 卐 | ૧૭ | | | | 卐 | 卐 | |
| ૧૮ | | | | 卐 | 卐 | ૧૯ | | | |

-: ગત જ્ઞાનસરિતાના જવાબો :-




:: સરનામું ::

નામ..............................................................................................................

ગામ .......................તાલુકો........................ ઉંમર..........શાળા......................................

ધો............ મો.ન........................................

# ભાવભીનું આમંત્રણ

આપણા સંપ્રદાયમાં ઉત્સવોનું વિશેષ મહત્ત્વ છે. ઉત્સવપ્રિય હરિભક્તોને સહર્ષ જણાવવાનું કે શ્રીજી મહારાજની કૃપાથી તેમજ મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી તેમજ વડીલ સંતોના આશીર્વાદથી નીચે જણાવ્યા મુજબના ઉત્સવો ઉજવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ પાવનકારી પ્રસંગોએ પરિવાર સહિત પધારી પુણ્યનું ભાથું બાંધવાની તક પ્રાપ્ત થઈ છે, તો અવશ્ય પધારવા ભાવભીનું આમંત્રણ પાઠવતાં હર્ષ અનુભવીએ છીએ.

## શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યા મંદિરનો દશાબ્દી મહોત્સવ

તા. ૧૯-૧૨-૨૦૧૬ થી ૨૧-૧૨-૨૦૧૬

## :: શાકોત્સવ ::

મહાવદ ૨ રવિવાર તા. ૧૨-૨-૨૦૧૭

## :: શ્રી હરિકૃષ્ણ મહારાજનો ૧૫૦મો વાર્ષિક પાટોત્સવ ::

પ્રારંભ મહાવદ ૧૧ બુધવાર તા. ૨૨-૨-૨૦૧૭
સમાપ્તિ ફાગણ સુદ ૨ મંગળવાર તા. ૨૮-૨-૨૦૧૭

## શ્રીઘનશ્યામ મહારાજનો ૭૫મો વાર્ષિક પાટોત્સવ
## શ્રીનરનારાયણદેવનો ૧૯૪મો વાર્ષિક પાટોત્સવ

પ્રારંભ ચૈત્ર વદ ૩૦ બુધવાર તા. ૨૬-૪-૨૦૧૭
સમાપ્તિ વૈશાખ સુદ ૫ રવિવાર તા. ૩૦-૪-૨૦૧૭

# ભાવભર્યું આમંત્રણ

## શ્રી નરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવ, નૈરોબી


ભુજ મંદિર હસ્તક વિદેશમાં સૌ પ્રથમ ઈ.સ. ૧૯૫૪ને શરદ પૂનમમા રોજ નૈરોબી-કેન્યા મધ્યે તત્લાકીન તપોમૂર્તિ અ.નિ. મહંત સદ્ગુરુ સ્વામી શ્રીવલ્લભદાસજી, દીર્ઘદૃષ્ટા અ.નિ. મહંત સ.ગુ. સ્વામી ધર્મજીવનદાસજી, અ.નિ. સ.ગુ. સ્વામી મોરલીમનોહરદાસજી, અ.નિ. સ.ગુ. સ્વામી કૃષ્ણજીવનદાસજી, અ.નિ. સ.ગુ. સ્વામી ધર્મકિશોરદાસજી,અ.નિ. કોઠારી સ.ગુ. પાર્ષદ શામજી ભગત, અ.નિ. મહંત સ.ગુ. સ્વામી હરિસ્વરૂપદાસજી આદિ વડીલ સંતોની પ્રેરણા, આજ્ઞા અને આશીર્વાદથી તેમજ હરિભક્તોના સાથ સહકારથી શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, નૈરોબીની સ્થાપના કરવામાં આવી.

મંદિર થતાં હરિભક્તોને ભજન-કીર્તન અને સત્સંગ કરવાની સુંદર સુવિધા પ્રાપ્ત થઈ. સમયાંતરે ભક્તિભાવમાં વૃધ્ધિ થવા લાગી, હરિભક્તોની સંખ્યામાં પણ ઉત્તરોત્તર વધારો થતો ગયો અને મંદિર નાનું પડવા લાગ્યું, આ સંકડાશ નિવારવા હરિભક્તોએ સંતોના આશીર્વાદથી સંકલ્પ કર્યો. હરિભક્તોની સેવા અને સહકારથી આઠ એકર જમીનનું સંપાદન કરી મંદિરને દાનમાં અર્પણ કરવામાં આવી. શ્રીજી મહારાજની કૃપાથી ભુજ મંદિરના સંતોની ઉપસ્થિતિમાં તા. ૧૯-૦૮-૨૦૧૨ના રોજ ભૂમિપૂજન સંપન્ન થયું અને ત્યારબાદ ભુજ મંદિરના નિર્માણ કાર્યના શ્રીગણેશ થતાંજ સંનિષ્ઠ સેવાભાવી, ધર્મનિષ્ઠ, દરિયાદિલ દાનવીર હરિભક્તોના આર્થિક સહયોગ અને સહકારથી ત્રણ વર્ષના ગાળામાં નયનરમ્ય નવ્ય ભવ્ય ગગનચૂંબી વિશાળ મંદિર તૈયાર થયું.

ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત પ.પૂ. સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજી અને વડીલ સંતોના આશીર્વાદથી નૈરોબી મધ્યે તા. ૪-૬-૧૬ થી તા. ૧૩-૮-૧૬ શ્રાવણ સુદ ૨ થી શ્રાવણ સુદ ૧૦ સુધી શ્રીનરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવ ભવ્યાતિભવ્ય રીતે અતિ ધામધૂમથી ઉજવવામાં આવશે. ઉત્સવ દરમ્યાન વિદ્વાન બ્રહ્મનિષ્ઠ સંતો વ્યાસાસને બિરાજમાન થઈ શ્રીમત્ સત્સંગિજીવનની કથામૃતનું રસપાન કરાવશે. તા. ૭-૮-૧૬ના નૂતન મંદિરમાં ઈષ્ટદેવના દિવ્ય સ્વરૂપોની પ્રાણ પ્રતિષ્ઠા પ.પૂ. ધ.ધૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્હસ્તે ભુજ મંદિરના પ.પૂ. મહંત સ્વામીના સાંનિધ્યમાં કરવામાં આવશે. તેમજ તા. ૫-૮-૧૬ થી ૭-૮-૧૬ સુધી વિષ્ણુયાગ હવનનું આયોજન કરાયેલ છે. રાજોપચાર, ચતુર્વેદ પારાયણ અને નગરયાત્રા જેવા કાર્યક્રમો ઉપરાંત રાત્રી કાર્યક્રમોમાં બાલમંચ, મહિલામંચ, યુવામંચ, સંતોની ભજન સંધ્યા, યુવાનો દ્વારા ભજન સંધ્યા, મહા રાસોત્સવ જેવા વિવિધ કાર્યક્રમો પણ યોજાશે.

ઈશ્વર કૃપાથી નૈરોબીના આંગણે અતિદુર્લભ એવો આ અવસર સાંપડ્યો છે. તો સૌ હરિભક્તોએ આ અનમોલ અવસરે સપરિવાર પધારી ભક્તિનો લહાવો લેવા ભાવભીનું આમંત્રણ પાઠવતાં હર્ષ અનુભવીએ છીએ.સૌ અવશ્ય પધારશો અને પ્રસંગને દીપવશો. જયશ્રી સ્વામિનારાયણ.

–મંત્રીશ્રી, નારણભાઇ



# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૫૦૦૦/- રોનક હીરજી વરસાણી, સામત્રા, જન્મદિવસ નિમિત્તે ભેટ

૨૫૧/- દક્ષિત માવજીભાઈ રાઘવાણી હ. જશુબેન, બળદીયા, જન્મદિવસ નિમિત્તે ભેટ

૫૦૧/- વૈદરાજ જેન્તીભાઈ ગંગારામ સદાણી, માધાપર, સુપુત્ર ચિ. અશોક તથા અ.સૌ. ભારતીના ઘેર પુત્ર જન્મ નિમિત્તે ભેટ

૫૦૧/- વાલજી શીવજી વેલાણી હ. મુકેશ, સુખપર જુનાવાસ નવા મકાનના વાસ્તુ પૂજન તેમજ સંતો અને સાં.યો. બાઈઓને રસોઈ, મહારાજશ્રીના ઉતારા નિમિત્તે

૫૦૧/- હિરેન પ્રેમજી ભુડીયા, સુખપર રોહા, હિરેનના સગપણ નિમિત્તે ભેટ

૫૦૧/- કિરણ કાન્તિલાલ વેકરીયા, માંડવી, પુત્ર હસ્તીના જન્મદિવસ નિમિત્તે ભેટ

૫૦૦/- કુંવરજી ખીમજી હીરાણી, ભક્તિનગર, શ્રીહરિની કૃપા અને સંતોના આશીર્વાદ સાથે ૮૫ વર્ષ પૂર્ણ થયેલ તે નિમિત્તે ભેટ

૫૦૦/- સંજય વાલજી વેલાણી, ભક્તિનગર, જન્મદિવસ નિમિત્તે ભેટ

૩૦૦/- અ.નિ. મુરજી પ્રેમજી પિંડોરીયા ધ.પ. રતનબાઈ હસ્તે સુપુત્રો શિવજી, ગોવિંદ નારણ તથા કાનજી આદિ પરિવાર, માધાપર, માધાપર મંદિરના ૧૧૯માં વાર્ષિક પાટોત્સવ નિમિત્તે કથા પારાયણ નિમિત્તે ભેટ

૨૫૦/- સંતોની પ્રેરણાથી હ. માવજી કાનજી કેરાઈ, નારણપર, નવી એક્ટીવા લીધી તે નિમિત્તે ભેટ

૨૫૦/- મેઘજી મનજી આશાણી, માંડવી, નવી ફોર વ્હીલર ગાડી લીધી તે નિમિત્તે ભેટ

૨૫૦/- કૃષિ તથા અશ્વીન શ્રીજી સદન, નડીયાદ, સ્કૂલમાં દાખલ કર્યા તે નિમિત્તે ભેટ

૨૦૦/- જયા પંકજ ગોરસીયા, માધાપર હાલે લંડન, શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ

૨૦૦/- પરબત રવજી હાલાઈ, સુરજપર, શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ

૧૫૧/- રૂશાલી કેશવભાઈ ખેતાણી, ફોટડી હાલે નાશિક, ધો. ૧૨માં ઉચ્ચ ગુણાંકથી પાસ થતાં ભેટ

૧૫૧/- માવજી કાનજી કેરાઈ, નારણપર ઉ.વા., નવી એક્ટીવા લીધી તે નિમિત્તે ભેટ

૧૫૧/- અ.નિ લાલજી સામજી કેરાઈ હ. નીલકંઠ સ્ટીલ સર્વિસ સ્ટેશન કેરા, કુંદનપર, તેમના મોક્ષાર્થે ભેટ

૧૫૧/- જયેશ લાલજીભાઈ વેકરીયા, માધાપર, જન્મદિવસ નિમિત્તે ભેટ

૧૧૧/- વાસંતી પ્રવિણભાઈ પિંડોરીયા, માધાપર, જન્મદિવસ નિમિત્તે ભેટ

**આગામી માસની કથાઓ**

| તારીખ | ગામ | |
|---|---|---|
| ૧૭-૭-૧૬ | ભુજ | કથા પારાયણ દિવસ ત્રણની |
| ૨૧-૭-૧૬ | | હિંડોળા ઉત્સવ પ્રારંભ |
| ૨-૮-૧૬ | ભક્તિનગર | કથા પારાયણ દિવસ પાંચની |
| ૩-૮-૧૬ | ભુજ | કથા પારાયણ દિવસ પાંચની |





**શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર નાઈરોબી (લંગાટા કચ્છપ્રાંત-ભુજ શ્રી નરનારાયણદેવ તાબાનું) માં શ્રી નરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવનું આમંત્રણ આપતા મંદિરના કાર્યકર્ચા હરિભક્તો સાથે સંતો-ભુજ**




























(૧) ભુજ મંદિર દ્વારા કચ્છની જરૂરિયાતમંદ ગાયોને લીલા તથા સૂકા ચારાનું નિરણ સંતો જાતે કરી રહ્યા છે. (૨) અબડાસા વિસ્તારના ખોભડી ગામે (નેત્રા) ભુજ મંદિર દ્વારા જરૂરિયાતમંદ લોકોને અનાજ રસકસ તથા વિદ્યાર્થીઓને નોટબુક પાઠ્ય પુસ્તકોનું વિતરણ. () (૩-૫) ભુજ મંદિર દ્વારા વાગડના ખડીર વિસ્તારમાં મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું-રતનપર (ધોળાવીરા). (૬-૭) ભુજ મંદિર દ્વારા અતિ દુર્ગમ વિસ્તાર ખડીર વાગડના બાળકોને નોટબુકોના વિતરણ દ્વારા શિક્ષણને પ્રોત્સાહન-રતનપર. (૮-૯) ભુજ મંદિર સંચાલિત શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ રાપર-વાગડમાં પૂ. મહંત સ્વામી આદિ વડીલ સંતોની પધરામણી અને શાળાનો પ્રવેશોત્સવ તથા પરીક્ષામાં સારા અંકો લાવનારને પ્રોત્સહન, નોટબુકોનું વિતરણ સાથે રૂડા












**શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટેનમોર યુ.કે.નો દશ વર્ષનો દશાબ્દી મહોત્સવ ધામધૂમથી સંપન્ન થયો.**